# સરદારની નૈતૃત્વ શૈલી

ઈશ્વર વાઘેલા

: પ્રકાશક :

**એમ. એમ. સાહિત્ય પ્રકાશન**

**પુસ્તક પ્રકાશક અને વિક્રેતા**

હેડ ઓફીસ : મહાવીર માર્ગ, આણંદ - ૩૮૮ ૦૦૧, તા.જી. આણંદ
શાખા : ૧. પ્રા.શિ.ધિરાણ અને ગ્રા.મં.ના મકાન નીચે
નગરપાલિકા ભવન રોડ, ઈન્દિરા કોમ્પલેક્ષ, નડિયાદ
૨. યોગેશ્વર કુમાર છાત્રાલય, ભગતજીન કપડવંજ રોડ,
ડાકોર, તા. ઠાસરા, જિ. ખેડા

Book's name in English :
*SARDARNI NETRUTVA SHAILI*

© નીલા વાઘેલા

**પ્રથમ આવૃત્તિ - જૂન - ૨૦૦૯**
**પ્રત - ૧૦૦૦**
**મૂલ્ય રૂા. ૫૦-૦૦**

: પ્રકાશક :

**એમ. એમ. સાહિત્ય પ્રકાશન**

**પુસ્તક પ્રકાશક અને વિક્રેતા**

હેડ ઓફીસ : મહાવીર માર્ગ, આણંદ - ૩૮૮ ૦૦૧, તા.જી. આણંદ
શાખા : ૧. પ્રા.શિ.ધિરાણ અને ગ્રા.મં.ના મકાન નીચે
નગરપાલિકા ભવન રોડ, ઈન્દિરા કોમ્પલેક્ષ, નડિયાદ
૨. યોગેશ્વર કુમાર છાત્રાલય, ભગતજીન કપડવંજ રોડ,
ડાકોર, તા. ઠાસરા, જિ. ખેડા

## અર્પણ

**પ્રિય પુત્ર**

**કિર્તનને.**

**સરદાર જેવો બને તેવી આશા સહ.**

## પ્રાસ્તાવિક

**સરદાર** - મારા જીવનના માનીતા મહાપુરુષોમાંના એક. ચરોતરના - મારા ગામથી નજીકના ગામના - વિદ્યાધામ વિદ્યાનગર સાથે જોડાયેલા સરદાર સાથે વિશેષ સ્નેહ હોય જ. કારણ જીવન વિકાસમાં વિદ્યાનગરનું પ્રદાન વિશેષ. ચરોતરમાં જન્મ થયો તેની સાથે શિક્ષણ સુવિધાઓ પ્રાપ્ત થઈ. સાથે ભારતના ઘડતરમાં જેનો વિશેષ ફાળો છે તેવા સરદાર પ્રત્યે અહોભાવ ન જાગે તો કોના તરફ જાગે. સરદાર વિષયક પુસ્તકો વાંચતા. વિશેષ વ્યાખ્યાનો સાંભળતા તેમની રાષ્ટ્ર માટેની ન્યોછાવરીએ મન અને હૃદયમાં વિશેષ અસર કરી. પોતાની તાકાત, કોંગ્રેસના અન્ય નેતાઓનો સહકાર, છતાં ગાંધીજીના કહેણથી દેશની મહત્ત્વના પદનો ત્યાગ, રાષ્ટ્ર માટે સતત પરિશ્રમ કરનાર સરદાર મને હંમેશા પ્રિય રહ્યા છે.

પુસ્તકમાં સરદાર વિશેષ ગમ્યા તેના વિચારો તો છે જ. સરદારના જીવનમાંથી અનેક બાબતો શીખવા જેવી છે. ખાસ કરીને નેતૃત્વના ક્ષેત્રે જયારે તમે હોય ત્યારે શું કરવું જોઈએ તે સરદાર પાસેથી ખાસ શીખી શકાય. ગાંધીજીને સતત અનુસરનારા, ગાંધી સિધ્ધાંતોનો અમલ કરનાર સરદાર નખશિખ ગાંધી વિચારના પ્રેરણાસ્ત્રોત છે.

સરદાર વિશે મને જે કાંઈ સ્પર્શ્યું. યોગ્ય લાગ્યું તે લખવાનો મારો પ્રયાસ છે. સરદારના જીવનચરિત્રો અને અન્ય પુસ્તકોનો અભ્યાસ કરીને લેખન કરેલ છે. સરદારને પ્રત્યક્ષ જોયા નથી પણ પુસ્તકો દ્વારા તેમની સમીપ જવાનો મારો પ્રયાસ આપ સર્વેને ગમશે તેવી આશા છે.

પ્રસ્તુત પુસ્તક પ્રકાશન મારાં કુટુંબીજનોનો ખાસ અભારી છું. સાથોસાથ પુસ્તક પ્રકાશિત કરનાર **એમ. એમ. સાહિત્ય પ્રકાશન, આણંદ**ના શ્રી યાકુબભાઈ મલેકનો પણ આભાર વ્યક્ત કરું છું.

પુસ્તક અંગે આપના પ્રતિભાવ સદૈવ આવકાર્ય છે.

વલ્લભ વિદ્યાનગર ઈશ્વર વાઘેલા
૧ જૂન, ૨૦૦૯

# પાનાં ઉઘડતાં

૧. સરદારની નૈતૃત્વ શૈલી

૨. શિક્ષણ વિશે સરદારના વિચારો

૩. દેશની એકતા અને અખંડિતતના સૂત્રધાર : સરદાર પટેલ

૪. કર્મવીર વલ્લભભાઈ પટેલ

૫. ગુર્જર ભારતીય લાલ (ગીત)

## ૧. સરદારની નૈતૃત્વ શૈલી

સ્વાતંત્ર્યપૂર્વના અને સ્વાતંત્ર્યોત્તર ભારતના નેતાઓમાં સરદાર અનોખા અને નિરાળા નેતા હતા. ભારતના સ્વાતંત્ર્ય યજ્ઞમાં અને સ્વાતંત્ર્યોત્તર ભારતના ઘડતરજ્ઞયજ્ઞમાં તેઓએ સર્વસ્વની આહુતિ આપી સ્વતંત્ર અને અખંડિત ભારતની ભેટ ધરી હતી. ખેડા, બોરસદ, બારડોલી, નાગપુર જેવા સત્યાગ્રહોના સુકાની તરીકે તેમના અસહકાર, સવિનય કાનૂન ભંગ અને હિંદ છોડો જેવા સત્યાગ્રહોમાં ગાંધીજીના સેનાપતિપદ હેઠળ અદનામાં અદના સેનાની તરીકે કાર્ય કરી સંગઠીત લોકશક્તિ દ્વારા અહિંસક માર્ગે પણ શક્તિશાળી સલ્તનતને પરાજીત કરી શકાય છે તે સિદ્ધ કર્યું હતું. સ્વાધીન ભારતની તત્કાલીન સમસ્યાઓમાં કોમી તોફાનો, દેશી રાજ્યોની સમસ્યા, અન્નસંકટની સમસ્યા, નિર્વાસિતોની સમસ્યા, નવી આવશ્યકતાઓ ઉભી કરવાનો પડકાર અને બંધારણ ઘડતરનો પડકાર વગેરેમાં સ્થિર ચિત્તે, વિક્ષુબધ્ધતાથી તેઓએ ઉજજવળ પરિણામો હાંસલ કરવામાં અન્ય સાથીદારોની સાથે સહકાર સાધ્યો હતો. 'ગુજરાતના સૂબા', 'બોરસદના રાજા', 'સરદાર' જેવા વિશિષ્ટ ઈલ્કાબો મેળવનાર સરદારની નેતાગીરી વિશિષ્ટતાઓથી ભરપૂર છે.

'પુત્રના લક્ષણ પારણામાંથી.....' તે કહેવત અનુસાર સરદાર અભ્યાસકાળથી જ નેતા બની રહ્યા હતા. નડીયાદની શાળામાં



ભણતા હતા ત્યારે શિક્ષકશ્રી અગરવાલા હંમેંશા મોડા આવતા. એક દિવસે વિદ્યાર્થીઓ નાટકના ગીતો ગાવા લાગ્યા. ગીતોનો અવાજ ઓફીસ સુધી પહોંચ્યો એટલે અગરવાલાને પોતાના વર્ગનો ખ્યાલ આવતા વર્ગમાં પહોંચી, વિદ્યાર્થીઓને ધમકાવવા લાગ્યા. વલ્લભભાઈથી આ સહન ન થતાં તેઓએ શિક્ષકશ્રીને કહ્યું, "તમે સાહેબ એ વિદ્યાર્થીઓને શાના ધમકાવો છો ? વર્ગનો સમય થઈ જાય છતાં ઓફિસમાં બેઠા બેઠા તમે ટોળટપ્પા માર્યા કરો અને ટામઈસર આવો નહીં તો અમે ગીત ગાઈએ નહીં તો શું રડીએ ? દોષ તમારો છે અને અમને શાના ધમકાવો છો ? અમે ખોટું શું કર્યું છે કે તમે અમને ધમકાવો છો ?" આ સાંભળી શિક્ષકે વલ્લભભાઈને વર્ગમાંથી ચાલ્યા જવાનો હુકમ કર્યો. વલ્લભભાઈએ વર્ગના વિદ્યાર્થીઓ પર નજર ફેરવી અને વર્ગ છોડી દીધો. સમગ્ર વર્ગના વિદ્યાર્થીઓ પણ તેમની પાછળ પાછળ નીકળી ગયા. વિદ્યાર્થીઓ શાળામાં આવે પણ વર્ગમાં ન જાય. આથી આચાર્યશ્રીએ વલ્લભભાઈને બોલાવ્યા. વલ્લભભાઈએ ચોર કોટવાળને દંડે તેવા ન્યાયની વાત આચાર્યશ્રીને સમજાવી. આચાર્યએ વલ્લભભાઈની ન્યાયપૂર્ણ વાત સમજીને તેઓ શિક્ષકને યોગ્ય વાત કરશે તેમ જણાવી બેસવા જણાવ્યું. વલ્લભભાઈએ વિદ્યાર્થીઓને સમજાવી વર્ગમાં લઈ ગયા.

વલ્લભભાઈ જ્યારે નડિયાદની હાઈસ્કૂલમાં છઠ્ઠા ધોરણમાં ભણતા હતા ત્યારનો એક પ્રસંગ છે. એક પારસી શિક્ષક બહુ કડક હતા. નેતરની સોટીનો છૂટથી ઉપયોગ કરતા. એક દિવસે એક વિદ્યાર્થીને ગૃહકાર્ય ન લાવતા માર માર્યો અને છોગામાં દંડ પણ કર્યો. એટલે વલ્લભભાઈ બધા વિદ્યાર્થીઓને વર્ગમાંથી લઈને બહાર

નીકળી ગયા. રીશેષ બાદ શાળાના વિદ્યાર્થીઓને ભેગા કરી હડતાલ પડાવી. કોઈ વિદ્યાર્થી શાળામાં ન જાય તે માટે બરાબર ચોકી ગોઠવી. વિદ્યાર્થીઓને બેસવા માટે એ ધર્મશાળામાં પીવાના પાણી અને અન્ય વ્યવસ્થા સાથે ભણવાની વ્યવસ્થા ગોઠવી. હડતાળ ત્રણ દિવસ ચાલી. શાળાના આચાર્યે વલ્લભભાઈને બોલાવ્યા. સમજાવ્યા. કોઈ વિદ્યાર્થીને ખોટી રીતે અથવા વધારે પડતી સજા ભવિષ્યમાં નહી થાય એમ ખાત્રી આપી સમાધાન કર્યું. અભ્યાસ કાળ દરમ્યાન નડીયાદની મ્યુનિસિપાલિટીની ચૂંટણીમાં મહાનંદ નામના શિક્ષકે ઉમેદવારી કરેલી. તેમની સામે નડીયાદમાં સારી વસ્તી ધરાવતા અને વગવાળા દેસાઈ કુટુંબમાંથી એક ભાઈએ ઉમેદવારી કરેલી. દેસાઈભાઈએ શેખી મારેલી કે આ માસ્તરની સામે હું હારું તો મૂંછ મૂડાવી નાખીશ. વલ્લભભાઈએ વિદ્યાર્થીઓની મદદથી મહાનંદભાઈ તરફી પ્રચાર કર્યો. અને એવું સજ્જડ કાર્ય કર્યું કે મહાનંદભાઈ બહુ મોટી બહુમતીથી ચૂંટણી જીતી ગયા.

આ ઉપરાંત વિદ્યાર્થીકાળ દરમ્યાન પથ્થરનો ખૂંટ કાઢવાનો, વસ્તુ વેચતા શિક્ષકનો, ગુજરાતી શિક્ષકે શિક્ષારૂપે પાડા લખવા આપ્યા તે વગેરે પ્રસંગોમાંથી વલ્લભભાઈના નેતાનાં લક્ષણો જોવા મળે છે. નીડરતાથી, સત્ય છે તે સ્પષ્ટ રીતે શિક્ષક કે આચાર્યને જણાવવાની તેમની શૈલી આપણી સમક્ષ તરી આવે છે. તેઓ અયોગ્ય અને અન્યાયકારી બાબતો સામે અડગતાથી, નીડરતાથી પ્રતિકાર કરતા હતા. આ પ્રતિકાર સમયે તેઓની સંતર્કતા, પક્ષકારોને નુકશાન ન જાય તેની કાળજી અને સર્વને સાથે રાખીને કાર્ય કરવાની પ્રણાલીના પણ દર્શન થાય છે. આમ વિદ્યાર્થીકાળથી જ તેમનામાં



નેતૃત્વ તરફી વિકાસ શરૂ થઈ ગયો હતો. સરદારે પોતાના ગુણો - લક્ષણોને યાદ રાખીને કેળવ્યા હોય એવું કદાચ ગાંધીજીના સમાગમમાં આવ્યા પછી બન્યું હશે. પણ સરદારમાં જે જન્મજાત લક્ષણો હતા, એ સંયોગના પ્રભાવ હેઠળ, અનિવાર્યતા સર્જાતા ઉપસતા ગયા હતા. એમણે પોતાના વ્યક્તિત્ત્વને - નેતૃત્ત્વને ઘાટ આપવા માટે સંકલ્પપૂર્વક અને યોજનાપૂર્વક પ્રયત્ન કર્યો ન હતો. સરદાર સંયોગોના પ્રવાહમાં કેળવાયા હતા. તેમાં તેમના જન્મજાત લક્ષણો તરી આવ્યા છે. ગાંધીજીની સાથે સમાગમ થતા તેમની નેતૃત્વશક્તિ ખીલી ઉઠી હતી.

સરદારની સમર્પિતતા ધ્યાન ખેંચે તેવી હતી. સમર્પિતતા નેતા પ્રત્યે - ગાંધીજી પ્રત્યે અને દેશ પ્રત્યે હતી. ઈ.સ ૧૯૧૭ થી તેઓ ગાંધીજી સાથે જોડાયા, ત્યારથી જીવનના અંત સુધી તેમની ગાંધીજી પ્રતિ વફાદારી રહી, ભક્તિ રહી. કેટલાંય પ્રસંગો છે, જેની ગણના કરવી અઘરી છે.

બારડોલી સત્યાગ્રહના વિજય પછી તેનો ઉત્સવ તાલુકાના ગામે ગામ ઉજવાયો. સભાસ્થાને ગાંધીજી અને સરદારને એક સાથે બેઠેલા જોઈએ ગામડાની ભલી ભોળી બહેનો મૂંઝવણ અનુભવતી. પોતાની મહેનતની કમાણીનો એક રૂપિયો ભેટ તરીકે લાવેલી બહેન બેમાંથી કોની આગળ મૂકે ? સરદારના પગ આગળ રૂપિયો મૂકવા જાય કે તરત જ સરદાર ઈશારો કરી ગાંધીજી આગળ મૂકવા કહે. એ જ બાબત મોટા મોટા દેશનેતાઓના અભિનંદન પત્રો, તાર, સંદેશાઓ, ધન્યવાદ માટે પણ અપનાવી તેમણે અંતઃકરણપૂર્વક ગાંધીજીને ચરણે ધરી દીધા હતા.

બારડોલી સત્યાગ્રહ પછી મળેલા લાહોર અધિવેશનના પ્રમુખપદ માટે દસ પ્રાંતોએ ગાંધીજીનું, પાંચ પ્રાંતોએ સરદારનું અને ત્રણ પ્રાંતોએ જવાહરલાલનું નામ સૂચવ્યું હતું. ગાંધીજીએ યુવાનોને તક આપવા માટે અને આમ થાય તો સત્યાગ્રહની જીતને વટાવી એવો અર્થ થાય નહિ તે માટે પોતાનું નામ પાછું ખેંચ્યું હતું ક્રમાનુસાર સરદારને પ્રમુખપદ સ્વીકારવા કહ્યું. સરદારે માત્ર એટલું જ કહી દીધું કે, 'જ્યાં સેનાપતિ જ ના પાડતા હોય ત્યાં સિપાઈ શી રીતે હા પાડે?'

યરવડાની જેલમાં ગાંધીજી અને મહાદેવભાઈ સાથે રહ્યા ત્યારે ગાંધીજી ચા પીતા ન હતા, તો તેમણે પણ ચા છોડી. મહાદેવભાઈએ તેમને પૂછ્યું, 'કેમ તમે ચા પીવાની બંધ કરી છે. ?' એટલે તેમણે કહ્યું, ''અહીં બાપુની સાથે આવીને હવે શું ચા પીવે? આપણે તો એ જે ખાય તે ખાવું ઠરાવી ચોખા છોડ્યા. શાક બાફવાનું ઠરાવ્યું. બે વખત દૂધ-રોટી ખાવાની. બાપુ પણ રોટી ખાય છે.''

મહાદેવભાઈ યરવડા જેલના અનુભવો લખતા લખે છે કે, ''વલ્લભભાઈની ભલમનસાઈ તો ડગલેને પગલે જોવાની મળે છે અને જે પ્રેમથી બાપુને માટે એ ફળ સમારે છે અને દાતણ કૂટવાનું ભૂલી ગયા હોય તો યાદ આવતા દાતણ લેવા દોડે છે એ બધું એમની અપાર ભક્તિ સૂચવે છે અને એ ભક્તિ શીખવાને માટે પણ એમના પગ આગળ બેસવાને પ્રેરે છે.''

૧૯૪૨માં મુંબઈમાં મળેલા મહાસમિતિના ખુલ્લા અધિવેશનમાં સરદારે જે ભાષણ કર્યું તેમાં તેમણે કહ્યું હતું કે, ''સૌ પૂછે છે કે લડતનો કાર્યક્રમ શો છો ? પહેલાંની લડતો વખતે આપણો



કાર્યક્રમ હંમેશ ગાંધીજીએ ઘડ્યો છે. એ બેઠા છે. એ હુકમ આપે તે ઉઠાવીએ. તેઓ જેમ કહે તેમ કરવું એ સૈનિકોનું કામ છે.''

૧૯૩૯ ના રાજકોટના સત્યાગ્રહમાં રાજકોટમાં દેશી રાજ્ય વિરૂધ્ધ પ્રજાકીય આગેવાનોની લડતમાં ભારતના સર્વોચ્ચ ન્યાયાધીશ સર મોરીસ ગ્વાયરનો ચુકાદો પ્રજાકીય નેતાઓની તરફેણમાં આવ્યો હતો, છતાં એ ચુકાદાનો લાભ જતો કરીને રાજકોટ સત્યાગ્રહને સમેટી લેવાનો ગાંધીજીએ નિર્ણય કર્યો ત્યારે રાજકોટ સત્યાગ્રહના માર્ગદર્શક સરદારે પણ એક શબ્દ બોલ્યા વિના એ નિર્ણય સ્વીકારી લીધો હતો.

૧૯૪૬માં વચગાળાની ભારત સરકારનું વડાપ્રધાનપદ સરદાર વલ્લભભાઈને મળે એવી ઈચ્છા ભારે બહુમતી સાથે પ્રાંતિક સમિતિઓએ વ્યક્ત કરી હતી. પરંતુ ગાંધીજીની ઈચ્છાને માન આપી, વચગાળાની ભારત સરકારના તથા સ્વતંત્ર ભારતની સરકારના સર્વપ્રથમ વડાપ્રધાન બનવાની ઐતિહાસિક તક સરદારે જતી કરી હતી.

ઉપરોક્ત પ્રસંગો દર્શાવે છે કે સરદારે પોતાનું જીવન ગાંધીજીને સોંપ્યું તે સોંપ્યું. જીવનના છેલ્લા શ્વાસ સુધી ગાંધીજીને જ જીવન સમર્પ્યું હતું. તેમાં ક્યાંય કદી ઓટ આવી નથી. છતાં સરદારે ગાંધીજીનું આંધળુ અનુકરણ કર્યું નથી. સરદારે પોતે પણ ગાંધીજીને ગુરુ માર્ગદર્શક ગણાવ્યા છે. તેમણે કહ્યું છે કે, ''ગાંધીજી ભારતમાં આવ્યા ત્યારથી લગભગ હું તેમની સાથે રહ્યો છું અને હું જ્યાં સુધી જીવીશ ત્યાંસુધી આ સંબંધ જળવાઈ રહેશે.'' આમ છતાં તેઓએ એ સ્પષ્ટ કર્યું છે કે, ''મારા કામથી હું ગાંધીજીને દૂર રાખુ છું.

આપણે જો ગાંધીજી તરફ જ નેતૃત્વ માટે મીટ માંડી બેસીશું અને એમના મર્ગદર્શનની રાહ જોતાં બેસી રહીશું તો સ્વતંત્ર રીતે વિચાર કરવાની અને કામ કરવાની આપણી શક્તિઓ આપણે ગુમાવી બેસીશું. જો આપણે સતત બીજાની મદદ ઉપર આશ્રય રાખીએ તો કોઈપણ સિધ્ધિ હાંસલ કરવાની આશા આપણે કેવીરીતે રાખી શકીએ ?'' ગાંધીજીને સરદારે આપેલા સંપૂર્ણ ટેકાની ટીકા કરતાં રાજાજી જેવાને પણ સ્વીકારવું પડ્યું હતું કે, 'સરદાર એક વિશિષ્ટ વ્યક્તિ છે. એમની નજર તેજીલી અને સાફ છે. એ બધું જોઈ શકે છે. પરંતુ ગાંધીજીની આંખે બધું જોવાના પ્રયત્નોમાં પોતાની દૃષ્ટિ ઝાંખી થવા દે છે.' મહાદેવ દેસાઈએ સાચું જ કહ્યું છે કે, ''ગાંધીજી જેવા શિક્ષકના શિષ્ય થઈ જે વ્યક્તિત્વ ગુમાવી બેસે તે પોતાને અને ગાંભીજી બંનેને લજવે છે. વલ્લભભાઈએ પોતાનું વ્યક્તિત્ત્વ કાયમ રાખીને પોતાને અને પોતાના શિક્ષક ગાંધીજીને શોભાવ્યાં.'' આમ સરદારે પોતાના વ્યક્તિત્ત્વને જાળવીને ગાંધીજીના આદર્શોને ચરિતાર્થ કર્યા હતા. એમને ઘણાં બધાં આઘાતો ગાંધીજી તરફથી પણ મળ્યા છે. ગાંધીજીએ એમને ઠપકાના કાગળો પણ લખ્યા છે. જેના સરદારે પણ ખુલાસા કર્યા છે. પણ સમર્પણભાવ એવો છે કે ગાંધીજી કહે કે આ એટલે આમ. પોતાની બુધ્ધિ નહોતી ચાલતી એમ નહિ પણ સમર્પણની શિસ્ત પણ સરદારની જ હતી. નારાયણ દેસાઈના શબ્દોમાં, ''જે ઉત્તમ સિપાઈ બની શકે છે તે જ ઉત્તમ સરદાર પણ બનતો હોય છે.'' ખરેખર વલ્લભભાઈ ઉત્તમ સિપાઈ તો બન્યા હતા. તેમની નેતા પ્રત્યેની સમર્પિતતા પણ તેમની નેતૃત્ત્વની શૈલી જ હતી. નેતા પાસેથી આદર્શોને પચાવીને પછી તેમણે પોતાની નેતાગીરીને આગળ વધારી હતી અને 'સરદાર' બની શક્યા હતા.



સરદારની દેશભક્તિ - દેશ પ્રત્યેની સમર્પિતતા પ્રારંભથી જ હતી. પણ તે ખેડા સત્યાગ્રહથી વધારે ખીલી. તે આખા જીવન પર્યત ખીલેલી જ રહી. 'ભારત મારો દેશ છે.' તે ભાવના તેઓ તેમની રગે રગમાં - અંતરાત્મામાં અનુભવતા. હું ફલાણી જ્ઞાતિનો છું. ફલાણા ગામનો છું એમ નહીં. હું ભારતવાસી છું એ ભાવ અનુભવવો એ મહત્ત્વનો છે. એ અનુભવવા માટે સરદાર જીવ્યા. એ માત્ર કરમસદના ન રહ્યા, માત્ર ખેડા જિલ્લાના ન રહ્યા, માત્ર ગુજરાતના ન રહ્યા પણ સારાયે ભારતમાં વ્યાપી ગયા. દેશ માટે તેમણે સર્વસ્વ છોડી દીધું. અનેક વખત જેલયાત્રા કરી. સ્વતંત્રતા કાજે દુઃખો સહન કર્યા. એટલું જ નહી, જે ભારતને રેઢું મુકીને અંગ્રેજો ચાલ્યા ગયા હતા અને અનેક પ્રકારનાં તોફાનો અહીં જાગે એ પ્રકારની પરિસ્થિતિ વારસામાં મૂકતા ગયા હતા. એમાંથી આખા ભારતને બહાર કાઢીને તેઓએ આખા દેશને સંકલિત કર્યો. દેશની અખંડિતતા માટે તેમણે રાજાઓને સમજાવ્યા અને જે ન માન્યા તેઓએ લોક આંદોલન કે લશ્કરી ક્વાયત વડે નમાવ્યા અને ૫૬૨ રજવાડાઓને જે બ્રિટિશ ઈન્ડિયા કહેવાતું હતું એમાં સાંકળી લઈ અખંડ, સ્વતંત્ર ભારત રચ્યું. આવડું મોટું કામ એમણે ભાંગેલી તબિયતે કર્યું. આપણને ખ્યાલ છે કે ૧૯૪૭માં સરદારની તબિયત બહુ જ ખરાબ હતી. ગાંધીજીના અવસાન - ૧૯૪૮ પછી તો એ ખૂબ જ ભાગી પડ્યા હતા. ગાંધીજીની હત્યા એ સરદારના જીવનનો આખરી આઘાત હતો. તેઓ એ આઘાતમાંથી કદી પૂરા બહાર નીકળી શક્યા નહોતા. કિશોરલાલ મશરુવાળાને તેમણે ૬ઠ્ઠી ફેબ્રુઆરીએ લખ્યું, ''શું લખું ? હાથ ઉપડતો નથી. પણ આખરે એક જ વિચાર આવે છે કે ઈશ્વરને ગમ્યું એ ખરું..... આપણે માથે

બહુ ભાર મૂકીને ગયા. તમે ભાંગેલા છો. નરહરિભાઈ પણ ભાંગી પડ્યા છે. અને હું પણ હવે ઘસાઈ ગયો છું કામનો બોજો અસહ્ય થઈ પડે છે. છતાં ઈશ્વરની ઈચ્છા હશે ત્યાં સુધી ખેંચવો પડશે.''

આમ તેઓએ આંતરડાના રોગની પીડા સહન કરતાં કરતાં, જીવનના છેલ્લા અઢી વર્ષમાં મોટા કાર્યો કર્યાં. તેની પાછળ દેશભક્તિ સિવાય - દેશપ્રત્યેની સમર્પિતતા સિવાય કશી ન સ્પૃહા નહોતી. સ્પૃહા હોત તો તેઓ ગાંધીજીની આજ્ઞાને તોડી વડાપ્રધાન બની જ ગયા હોત ને ! અને પોતાના બાળકો માટે સુખસુવિધા માટે વ્યવસ્થા કરતા ગયા ન હોત ! તેમણે પોતાને મળેલી સત્તાનો પણ દેશના ભલા માટે, વિકાસ માટે, સેવા માટે ઉપયોગ કર્યો હતો.

સરદાર પટેલની નેતૃત્વશૈલીમાં નિઃસ્વાર્થપણુ તરી આવે છે. સ્વાર્થને બદલે સમર્પણ જ તેમના કાર્યોમાંથી તરી આવે છે. નાયબ વડાપ્રધાન માટે નિર્મેલા બંગલામાં એ રહેતા હોય ત્યારે પણ એ તો પોતાની ઓરડીમાં જ રહેતા. એમણે જે ખાનગી ટેલીફોન કર્યા હોય એનો ખર્ચ સરકારી તિજોરીમાં મોકલી આપતા. પોતાના ખાનગી કામનો બોજો દેશની તિજોરી પર ન પડે એટલું ધ્યાન રાખવા જેટલી સત્યનિષ્ઠા તેમના જીવનમાં હતી. તેમની પુત્રી મણિબહેન જીવનના છેલ્લા શ્વાસ સુધી અમદાવાદમાં એક જ ઓરડીમાં રહ્યા છે. કપડાંને થીગડું મારીને પહેર્યું છે. જો સરદારે ધાર્યું હોત તો મણિબહેનને શું ન મળ્યું હોત ? અને મણિબહેને ધાર્યું હોત તો એ શું ન મેળવી શક્યા હોત ? પણ સરદારે સ્વૈચ્છિક સાદાઈ અને સ્વૈચ્છિક ગરીબી સ્વીકારી હતી. પ્રકૃતિમાં સંયમ અને અપ્રમાણિક રીતે પૈસો ન આવે તે બાબતે તેમણે સદા સજાગતા રાખી હતી.



તેમણે ૧૯૨૮માં લાહોર કોંગ્રેસના પ્રમુખ તરીકે, ૧૯૩૭ માં ફૈજપુર કોંગ્રેંસના પ્રમુખ તરીકે અને ૧૯૪૬માં કોંગ્રેસના પ્રમુખ તરીકે વચગાળાની સરકારના વડાપ્રધાન તરીકેની તકો ગાધીજી અને કોંગ્રેસ એકતા માટે જતી કરી. તેમજ કુટુંબના કોઈ સભ્યને કે પોતાના પુત્ર કે પુત્રીને પણ તેમણે સત્તાના કોઈ પદ પર બેસાડ્યા ન હતા. કેવી સ્વાર્થવિહિનતા ! કેવો ત્યાગ ! કેવું બલિદાન ! કેવું સમર્પણ !

વલ્લભભાઈના નેતૃત્ત્વમાં લોકો પ્રત્યે શ્રધ્ધા, સંવેદના અને લોકકલ્યાણની ભાવના જોવા મળે છે. વિશેષ કરીને ભારતના ખેડૂતો પ્રત્યે તેમને શ્રધ્ધા હતી. ખેડા, બોરસદ અને બારડોલી સત્યાગ્રહમાં તેમણે ત્યાંના ખેડૂતોમાં શ્રધ્ધેયતા જોઈ જ હતી. પણ દક્ષિણ ભારત અને બિહારના ખેડૂતોમાં એવી જ શ્રધ્ધેયતા ભાળી હતી. તેથી જ તેઓ ગાંધીજીને વિશ્વાસપૂર્વક લખી શક્યા હતા કે, 'ઈશ્વર જે કરશે તે સારું જ કરશે. હું પકડાઉં તોય લોકોને લડવાનો ખૂબ રસ છે. ચિંતા કરવા જેવું કંઈ જ નથી.'

પ્રજા પ્રત્યેની સંવેદનાને કારણે તેમણે રચનાત્મક કાર્યો અને લોક કલ્યાણના કાર્યોને પ્રાધાન્ય આપ્યું હતું. અમદાવાદ મ્યુનિસિપાલિટીના અધ્યક્ષ તરીકે તેમણે શહેરના સાંસ્કૃતિક વિકાસમાં, આરોગ્ય સુધારમાં, સુંદર સ્થાપત્યમાં, પ્રજાના શારીરિક, માનસિક અને બૌધ્ધિક સ્વાસ્થ્યની સગવડ ઉભી કરવા પાછળ પ્રજાકીય સંવેદના જ કારણભૂત હતી. માથે મેલું ઉપાડવાની ગંદી અને અમાનુષી પ્રથાની નાબૂદી માટે ફલશવાળા જાજરૂ બનાવવા, લાખો દર્દીઓ માટે આશીર્વાદ સમાન મોટી હોસ્પીટલ બનાવવા

૩૧ એકર જમીન નદી કિનારે મેળવી. અમદાવાદના સુખી ગૃહસ્થો પાસેથી દાન મેળવી વાડીલાલ સારાભાઈ હોસ્પિટલ અને શેઠ ચીનાઈ પ્રસુતિગૃહ બનાવ્યું. શહેરની ગીચ વસ્તીમાંથી ગૃહસ્થોને શહેર બહાર ખુલ્લાં હવાપાણીનો લાભ મળી રહે તે માટે એલિસબ્રિજ તથા કાંકરીયા ટાઉન પ્લાનિંગની યોજના કરી અનુકૂળતા કરી અપાવી. વિશાળ દૃષ્ટિવાળા ઈજનેરોને બોલાવી ગંધાતા પાણીનાં તળાવોને બદલે હાલનું કાંકરિયા જેવું રમ્ય અને આહ્લાદક સ્થળ રચાવવું, શહેરની આજુબાજુ ઠેરઠેર પાણી ભરાઈને જે સ્થળ મચ્છરનાં ઉત્પાદક સ્થળ બની ગયાં હતા તેમને બદલે બગીચાની યોજના કરવી. શહેરમાં વસતા ધનાઢ્ય લક્ષ્મીપતિઓની તિજોરીઓમાં ગોંધાઈ રહેલી લક્ષ્મીને મુક્ત કરીને કેળવણીની અને કલાસંસ્કૃતિની સુંદર સંસ્થાઓ ઉભી કરવાનો પુરુષાર્થ કર્યો તે લોકકલ્યાણ માટે જ ને !

અમદાવાદ સિવાય પણ બોરસદમાં ફાટી નીકળેલા મરકી (પ્લેગ)ના રોગની નાબૂદી માટેના પ્રયાસોમાં લોકોનાં વહેમ અને કુરૂઢિઓ છોડાવવી, સફાઈ ઝુંબેશ કરવી, પાર્લામેન્ટરી બોર્ડના કાર્યકાળ દરમિયાન કોંગ્રેસના આઠ પ્રાંતોમાં રચાયેલા પ્રધાનમંડળો પાસે પ્રજાહિતનાં કાર્યો કરાવવા વગેરે અનેક પ્રસંગોમા પ્રજા પ્રત્યેની સંવેદના આંખે વળગે તેમ છે.

વલ્લભભાઈનો લોકો પ્રત્યેનો વિશ્વાસ અનોખો હતો. નાસિક જેલમાંથી છૂટ્યા બાદ બારડોલીની સભામાં કરેલું વક્તવ્ય તેની સાક્ષી છે. ''જરાયે અતિશયોક્તિ વિના હું કહી શકું છું કે મારા કારાવાસ દરમિયાન એવો એકેય દિવસ નથી ગયો જ્યારે મેં તમને ન સાંભર્યા હોય અને તમારી યાતનાઓ અને હાડમારીઓનો વિચાર કર્યો ન

સરદારની નૈતૃત્વ શૈલી...૧૧

હોય. મને કહેવામાં આવ્યું હતું કે તમને પડેલા દુઃખોને લીધે મારી ઉપર તમારી ઈતરાજી થઈ છે અને મારું કહ્યું માનવા માટે તમને પસ્તાવો થાય છે. આ વાતો મેં કદી ખરી માની નથી. કોઈએ તમારી નાલેશી કરવા આવા ગપગોળા ચલાવ્યા હશે. હજારોની સંખ્યામાં તમને અહીં એકઠા મળેલાં જોઈને મારી એ શ્રધ્ધા વધુ દૃઢ થઈ છે કે આપણને શરીરથી એકબીજાથી ભલે અળગા પાડવામાં આવે, પણ જગતની કોઈપણ સત્તા આપણાં હૃદયોને અળગાં કરી શકનાર નથી. આપણી વચ્ચે બંધાયેલી સ્નેહની ગાંઠ તોડવાની કોઈ સત્તાની તાકાત નથી.''

''દેશી રાજ્યોના વિલીનીકરણ સમયે લોર્ડ માઉન્ટબેટન માત્ર રાજાઓ અને દીવાનને મળતા હતા. તેમને સમજાવતા હતા. તેમનાં જ હિતનો વિચાર કરતા હતા. જ્યારે સરદારને મન પ્રજા એ મુખ્ય હતી. અને તેમને ખાતરી હતી કે રાજા નહીં સમજે તેને તેની પ્રજા સમજાવશે.'' રામનારાયણ પાઠકે પોતાના સરદાર પટેલ વિશેના પુસ્તકમાં લખેલી વાત ત્રાવણકોર, જૂનાગઢ અને હૈદરાબાદના રાજ્યોની પ્રજાએ સિધ્ધ કરી બતાવી હતી. સરદાર પટેલની લોકો પ્રત્યેની શ્રધ્ધાએ ખરેખર સ્વાતંત્ર્ય અને વિકાસમાં અગત્ત્યની ભૂમિકા ભજવી હતી.

સરદારની ન્યાયપ્રિયતા અને સત્યને લોકો સમક્ષ સ્પષ્ટ રીતે ખુલ્લું કહેવાની રીતે તેમના નેતૃત્ત્વની ખાસિયત ગણી શકાય. બોરસદમાં હૈડિયાવેરાની લડત વખતે તેમણે લોકોને સમજાવતા કહ્યું હતું કે, ''લડત દરમિયાન સરકારના માણસો અને તમારા વિરોધીઓ તમને ભરમાવી તોફાને ચડાવવાનો પ્રયત્ન કરશે. તમે

તોફાને બિલકુલ નહીં ચડશો. આ મહાત્માજીના રસ્તાની લડત છે. તેમાં ધારિયાનું કે લાકડીનું કામ નથી. તેમાં આપણા બરડાનું જ કામ છે. તેના પર સરકાર ભલે મારવું હોય તેટલું મારી લે.''માં સત્યાગ્રહની લડતની સત્ય વાત સમજાવી છે. તો લડત પૂરી થતાં પ્રજાની ફરજ શું ? તેને સમજાવતાં કહેલું કે, ''તમારો હવે એક જ ધર્મ હોઈ શકે, જો તમે સાચો વિજય મેળવ્યો હોય તો હવે તમારે સરકારના દોષો સામે જોવાનું છોડી દેવું અને તમારી પોતાની નબળાઈઓનો જ વિચાર કરવો. સરકાર સાથે તમારો નાનો કજિયો પતી ગયો પણ આપણો મોટો કજિયો હજુ ઉભો છે. તે માટે સરકાર સાથે બાથ ભીડવાને આપણે તૈયાર ન હોઈએ ત્યાંસુધી તેના દોષ જોવાનું છોડી દઈએ. સરકાર સાથે છેવટનો મુકાબલો કરવાની તૈયારી માટે આપણે પોતાની નબળાઈઓ જલદી તપાસી લેવી અને તેને દૂર કરવી એ જ આપણો તાત્કાલિક ધર્મ છે.

બારડોલી સત્યાગ્રહ વખતે લોકોને લડતમાં રહેલા જોખમો સમજાવતાં કહ્યું હતું કે, ''આ લડતમાં ભારે જોખમો રહેલાં છે. જોખમ ભરેલું કામ ન કરવું એ સારું પણ કરવું હોય તો હરકોઈ ભોગે પાર ઉતારવું. હારશો તો દેશની લાજ જશે. મજબૂત રહેશો તો દેશને લાભ પહોંચાડશો. વલ્લભભાઈ જેવો લડનારો મળ્યો છે. તેના જોરે લડશું એવું માનતા હો તો લડશો મા. કારણકે તમે જો તૂટી પડ્યા તો સો વરસ સુધી નથી ઉઠવાના એ ખચીત માનજો. આપણે જે ઠરાવ કરવો તે ઠરાવ છે તમારે જ કરવાનો છે. માટે પૂરો વિચાર કરીને, બરાબર સમજીને જે કરવા ધારો તે કરશો.

''મારી સાથે ખેલ ન થાય, બિનજોખમી કામમાં હું હાથ



ઘાલનારો નથી. જેને જોખમ ખેડવા હોય તેની પડખે હું ઉભો રહીશ. ૧૯૨૧માં આપણી કસોટી થવાની હતી પણ ન થઈ. હવે સમય આવ્યો છે પણ તમે તૈયાર છો ? આ એક તાલુકાનો પ્રશ્ન નથી. અનેક તાલુકાનો અને અનેક જિલ્લાનો પ્રશ્ન છે.તમે હારશો તો બધાનું ભાવિ બગડશે.''

સત્યાગ્રહમાં પાળવાની શરતોની સ્પષ્ટતા કરતાં તેમણે લોકોને કહેલું કે, ''આપણી ઉપર બિલકુલ આળ ન આવે તે સંભાળજો. કોઈ મર્યાદા છોડશો નહિ. ગુસ્સાનું કારણ મળે તો પણ અત્યારે ખામોશી પકડી લેજો. મને કોઈ કહેતું હતું કે, ફોજદારે અમુક માણસોને ગાળ દીધી. હું કહું છું કે, એનું મોઢું ગંદુ થયું.' આપણે શાંતિ પકડી જવી. અત્યારે તો મને કોઈ ગાળ દે તો પણ હું સાંભળી રહું. આ લડતને અંગે તમે ગાળો પણ ખાઈ લેજો. એટલે એ પોતે જ પોતાની ભૂલ સમજી જશે. પોલીસનો કે બીજા કોઈ અમલદાર તેની મર્યાદા છોડે છતાં તમે તમારી મર્યાદા ન છોડશો. તમારી વહાલામાં વહાલી વસ્તુ લૂંટી જાય તો પણ કશું ન બોલશો. હિંમત ન હારશો. પણ સામા હસજો.... તે જ બહાદુરી અને તેની સાથે હું માગું છું તેવો વિનય - ખાનદાની - આ કમાણી આપણને અમથી કોઈ દિવસ મળવાની નહોતી, તે આ લડતમાંથી આ તાલુકાના ખેડૂતો મેળવો એ જ ઈશ્વર પાસે હું માગું છું.''

નાસિક જેલમાંથી છૂટ્યા બાદ વલસાડની જાહેરસભામાં તેમણે કહ્યું હતું કે, ''હું તમને હંમેશા કહેતો આવ્યો છું કે મારી સાથે પાનાં પાડવા એ કાંઈ ખાવાના ખેલ નથી. તમે જો મારી આગેવાની સ્વીકારો તો તમારે મહાકપરે રસ્તે ચાલવું પડશે. એ રસ્તે તમને

મોકલતાં હું અચકાયો નથી, કેમકે કષ્ટ સહન કરીને જ આપણે કાયમી શાંતિ અને આનંદ મેળવી શકીશું. બલિદાન અને આત્મશુધ્ધિ દ્વારા જ આપણામાં તાકાત આવે એવી મારી શ્રધ્ધા છે.''

આમ અનેક પ્રસંગે આપેલા વકતવ્યોમાંથી ફલિત થાય છે કે, સરદારે જે જે લોકો સાથે કાર્ય કર્યું, તેને સત્યની સમજ આપી કાર્ય કર્યું. જેથી લોકોને તેમના પ્રત્યે વિશ્વાસ બેસતો અને તેમના નેતૃત્ત્વમાં થતાં હરેક કાર્યોમાં લોકોનો સહકાર સાંપડતો અને કાર્યો સફળ થતા હતા.

સરદારની બૌધ્ધિક વિચક્ષણતામા ખેડૂતની હૈયાસૂઝ, બેરિસ્ટરની તર્કપટુતા અને મુંજાલ મહેતાની મુત્સદ્દીગીરીનદ સમન્વય હતો. ગાંધીજીએ સરદારની નિર્મળતાને ખેડા સત્યાગ્રહ વખતે જ પારખી લીધી હતી. તેથી કરમસદની સભામાં તેમણે કહ્યું હતું કે, ''વલ્લભભાઈ હજુ જો કે ભઠ્ઠીમાં છે તેમણે સારી રીતે તપવાનું છે. મને લાગે છે કે એમાંથી આપણે કુંદન કાઢીશું.'' સરદારમાં અસાધારણ તિતિક્ષાશક્તિ હતી. તેમણે નાનપણથી જ શારીરિક પીડાને હસતે મોંએ સાંખી લીધી હતી. છેલ્લે જ્યારે ગંભીર હાર્ટએટેક થઈ ચૂક્યો હતો. ત્યારે પણ જરૂર ઉભી થતાં જવાહરલાલજીની વિનંતીને માન્ય રાખીને, બંગાળ જઈને, તેમણે નહેરુ-લિયાકત સંધિને કારણે જનમાનસમાં ઉપજેલા ક્ષોભનો સામનો કરીને તેને ચતુરાઈથી શમાવ્યો હતો.

જીવનને સીધું તાકવું, એની વિષમતાઓ પારખવી. એ વિષમતાઓના કેન્દ્ર પર આક્રમણ કરવું અને એ રીતે પોતાનું કાર્ય ગોઠવવું. એમાં ન્યાયબુધ્ધિને અવકાશ આપવો એ વલ્લભભાઈની



કાર્યનીતિ હતી. સંસ્કૃતના હિમાયતી એવા ગુજરાતીના શિક્ષકને પડકારવામાં એમનું વ્યવહારું શાણપણ પ્રગટ થતું હતું. એમનામાં ન્યાયબુધ્ધિ પણ હતી. એટલે જ્યારે એમને ઉધ્ધતાઈ માટે હેડમાસ્તર પાસે લઈ ગયા અને એમને સજા કરવાનું નક્કી થયું ત્યારે વલ્લભભાઈએ કહ્યું હતું કે, ''અમને આ માસ્તર ભણાવતા જ નથી. એ ભણાવતાં હોય તો અમે શીખીએ ને ? કોઈપણ પ્રકારનો અન્યાય સહન કરવા માટે એમની પ્રકૃતિ તૈયાર જ ન હતી. પરિણામ દ્દષ્ટિએ બધી વસ્તુનો વિચાર કરવો એ એમને આવડતું હતું પણ જે કરવાનું હોય એમાં પરિણામ દ્દષ્ટિ નહોતા લાવતા. જે કરવાનું છે તે તો કરવાનું જ છે. તેમ તેઓ માનતા હતા.

સરદાર નિર્ભય હતા. નીડર હતા.ગમે તેવાને ચોખ્ખું કહી શકતા હતા. ઈ.સ. ૧૯૨૩-૨૪ માં સરદારને બારડોલી તાલુકાના એક સાથીદારે પૂછયું કે, ''ખેડા જિલ્લામાં બાબર દેવા કેમ પકડાતો નથી?'' ત્યારે તેમણે કહ્યું કે, ''એક ભીલડાને પકડવાની શી વિસાત? પણ તે એક રાજયમાંથી બીજા રાજ્યામાં ભાગતો ફરે છે. આજે તો રાજાઓ બધા પૂતળા જેવા બની ગયા છે.''

વડોદરાના રાજાની ખોટી મહેચ્છાને ધ્યાનમાં લઈ તેમણે તેમને જણાવેલું કે, ''હિંદી સંઘ સાથેના હિંદી રાજ્યોના બંધારણીય સંબંધો અંગે તમે જે ભાગ ભજવ્યો તેની તમે યાદ આપી પણ તમે તે વખતે હિંદ બહાર હતા. તે તમારું સદ્ભાગ્ય ગણાય. તેને કારણે સ્થાનિક ખટપટોમાં તમે ભેળવાયા નહીં. પણ હું તમને યાદ દેવડાવવા ઈચ્છું છું કે, જ્યારે જૂનાગઢના પ્રશ્ન અંગે મુશ્કેલીમાં હતા ત્યારે તમારા તરફથી જે વલણ દાખવવામાં આવ્યું તેનાથી

મને ભારે આઘાત લાગ્યો હતો. ભારતભૂમિ જ્યારે મુશ્કેલીમાં હતી, ત્યારે તમે કેવળ તમારા અંગત સ્વાર્થની દષ્ટિએ અમારી સાથે સોદો કરવાની ઈચ્છા દર્શાવી..... હિંદના કોઈપણ રાજ્યકર્તા કરતાં વધુ અને વધુ પ્રખ્યાત રાજકર્તા થવાની તમારી મહેચ્છા હતી.''

જૂનાગઢને દેશ સાથે જોડી દીધા પછી તેમણે પાકિસ્તાનને ચેતવણી આપણા કહ્યું હતું કે, ''પાકિસ્તાન તો થોડાક માસનું બાળક છે એટલે અમો તેના ચાળા અમુક હદ સુધી સહી લેવાનો નિર્ણય કર્યો છે. પરંતુ તે એ હદ વટાવી જશે તો અમે તેને સીધો રસ્તો બતાવી દઈશું. દીવાનના કહેવાથી નહીં; પણ પ્રજાના કહેવાથી અમે જૂનાગઢનો કબજો લીધો છે. હવે તો પાકિસ્તાનને કંઈ કહેવાનો અધિકાર જ નથી. રાજ્યતંત્ર ચલાવવાનો હક્ક પ્રજાનો છે. રાજવીઓના દૈવી અધિકારના દિવસો તો ક્યારનાય વહી ગયા છે.''

મહારાષ્ટ્ર રાજ્ય પરિષદ વાંદરા મુકામે ભરાઈ હતી. તેની વિષય વિચારિણી સમિતિની ચર્ચા જોઈએ. સંપૂર્ણ ખાદી પહેરનારને જ મતાધિકાર હોવો જોઈએ. એ ઠરાવની ચર્ચામાં એક જણે પૂછ્યું, ''ખાદીનો કોટ પહેર્યો હોય, પણ ધોતિયું મિલનું હોય તો ચાલે કે?'' સરદારે તરત જવાબ આપ્યો, 'જે અર્ધી ખાદી પહેરે તે અર્ધો વોટ આપે!' બીજા એ પૂછ્યું, ''રોજ ખાદી પહેરતો હોય પણ કવચિત્ એટલે આજે ખાદી ન પહેરી હોય તો તે નિયમીત ખાદી પહેરનાર ગણાય?'' સરદાર કહે, 'મારી પાસે તો જે સિક્કો મૂકવામાં આવે તેને હું ખખડાવી જોઉં એ બોદો લાગે તો મારે મન એ બોદો જ છે.' અસ્પૃશ્યતાના ઠરાવની ચર્ચામાં 'હિંદુ ધર્મ પર કલંક રૂપ' એ શબ્દો



પર ઉગ્ર ચર્ચા ચાલી. એમાં એક ભાઈએ દલીલ કરી, 'એ હિંદુ ધર્મ પર કલંક શી રીતે કહેવાય? એટલે સરદાર બોલ્યા, ''ત્યારે ઈસ્લામ ઉપર કલંક કહેવાય ! અથવા ખ્રિસ્તી ધર્મ ઉપર ! તમે એમ કહેતા હોય તો એમ લખીએ.''

બાપુ ઉપર અનેક પત્રો આવતા. એક જણાનો પત્ર હતો તેમાં સાવ નાદાન અને બાલિશ સવાલ પૂછેલો, ''આપણા ત્રણ મણનું શરીર લઈને આપણે ધરતી ઉપર ચાલીએ તેથી અનેક કીડીઓ ચગદાઈ જાય. એ હિંસા શી રીતે અટકાવવી ? વલ્લભભાઈએ કહ્યું, 'એને લખો કે, પગ માથા ઉપર લઈને ચાલે.' બીજા જણનો પત્ર હતો કે,'' પત્ની કદરૂપી છે તેથી ગમતી નથી તો શું કરું ?'' સરદાર કહે, ''તેને લખો કે આંખો ફોડી નાંખે.''

સમાજવાદી વિચારો ધરાવતા નેતાઓ તરફ માન આપતા આગેવાનોને સરદાર પ્રત્યે પણ આદર હતો. તેમને તેમણે જણાવ્યું કે, ''હું સમાજવાદી કે મૂડીવાદી કોઈપણ વાદી સાથે કામ કરી શકું છું. માત્ર એક જ શરત કે, મને કોઈ વટાવી ન ખાય. મને કોઈ વટાવી ખાવા આવે અથવા મને એવું લાગે તો હું ત્યાંથી દૂર ખસી જાઉં. ગુજરાતમાં સમાજવાદીઓના પક્ષમાં કોણ કોણ છે તે હું જાણતો નથી. કેટલાક માત્ર વાતોડિયા છે. જેમને ચર્ચા કરવામાં ખૂબ શોખ છે. તેમની સાથે મારો મેળ કોઈ દિવસ ખાય તેમ નથી.

ઉપરોક્ત સંદર્ભો પરથી તારવી શકાય કે, સરદાર આખા બોલા અને સ્પષ્ટ વક્તા હતા. દુશ્મનની છાવણીમાં જઈને સાચે સાચું કહેવાનું સાહસ તેમનામાં હતું. આને કારણે તેમની અવહેલના પણ થઈ છે. છતાં તેમને જે સાચું અને સ્પષ્ટ લાગે તે કહેવામાં

તેઓ આગળ તરી આવે છે. સરદાર રોકડું કહેતા હતા. મલાવીને કશું કહેતા ન હતા. સરદારની આ પધ્ધતિ હતી. એ નરીમાન જોડે ઝઘડતા હોય કે સમાજવાદીઓ સાથે લડતા હોય તેમાં શૈલી આ જ રહેલી.પોતાના પક્ષમાં પણ કેટલાંક જૂથો હોય એમાં પણ સરદાર ક્યારેય આકરા બની શકતા હતા. વાતને મોણ ન દેવું એ સરદારના નેતૃત્ત્વનું એક લક્ષણ હતું.

સરદાર કડક હતા. બહારથી એમનો સીનો ગંભીર રહેતો અને અંદર મર્માળુ વ્યક્તિત્વ હતું. સરદાર પ્રેમાળ હતા, મૃદુ હતા, નમ્રતા તો એમનામાં ભારોભાર હતી. સ્નેહ અપરંપાર, પણ બતાવવાની વાત જ નહીં. અભિવ્યક્તિ નહીં. કેમ છો ? તમે સારા છો ને ? વગેરે જેવા સવાલો સરદાર કોઈને પૂછતા નહીં. એમ છતાં સહકાર્યકરોમાં કોઈ માંદુ હોય, કોઈને પૈસાની તંગી હોય અને સરદારે જાણ્યું હોય તો પેલો માણસ માગે તે પહેલાં અને માંગે નહિ તો પણ સરદારે અને કંઈને કંઈ મદદ મોકલી આપી હોય. એવી રીતે લાખોની મદદ સહકાર્યકરોને સરદારે કરેલી છે. કશું કહેવાનું નહીં, કશું પોતાના નામે જમા થવા દેવાનું નહીં, છતાં કામ કર્યે જ જવાનું. આવો મૂંગો કર્તવ્યભાવ એમનામાં પહેલેથી જ ખૂબ દઢ હતો. કેટલાંય પ્રસંગોમાં તે જોઈ શકાય છે.. જોઈતે તે પ્રસંગો.

નારાયણ દેસાઈને એક પ્રસંગે તેમણે કહ્યું, ''મહાદેવ નથી તો શું થયું ? અમે ફિકર કરનાર બેઠા છીએ ને ? અમે તારી પડખે છીએ. તું ફિકર ના કરતો ?'' જેમાં યુવાન નારાયણ દેસાઈને આપેલી ધરપતમાં તેમની પ્રેમળતા દેખાઈ આવે છે.

નારાયણ દેસાઈ અને મોહન પરીખ બન્ને તેમના સહકાર્યકર્તાના



પુત્રો. તેઓ 'મહાદેવ દેસાઈ સ્મારક નિધિ'માં સેવા આપવા તૈયાર હતા પણ કેટલાંક નિયમોને કારણે તેમની સેવા લઈ શકાય તેમ ન હતી. તેથી તેમને તેમાંથી છૂટા કરવામાં આવ્યા પણ બન્નેની આર્થિક વ્યવસ્થા સરદારે કરી દીધી. ''ટ્રસ્ટના નિયમો સાથે મેળ બેસતો ન હોય તો ટ્રસ્ટમાંથી ભલે નીકળી જાય. પણ છોકરાઓને જોવાની જવાબદારી તો મારી જ છે.'' એવા ભાવથી તેમણે તે બન્ને માટે આર્થિક ગોઠવણ કરેલી

સરદારના સેક્રેટરી તરીકે કાર્ય કરનાર શાંતિલાલ શાહ જણાવે છે કે, ''સરદાર સાહેબ દિલ્હીમાં પ્રધાન થયા, હું મુંબઈ રહ્યો. એમણે કહ્યું કે, દિલ્હી આવો ત્યારે આપણે ત્યાં ઉતરજો. આમ પાંચ - સાત વખતે હું બબ્બે ચાર-ચાર દિવસ ૧, ઔરંગઝેબ રોડ પર મુકામ રાખી રહ્યો. જ્યારે દિલ્હી જાઉં ત્યારે તેઓ એરોડ્રામ પર પોતાની ગાડી લેવા તથા મૂકવા મોકલે.''

ધોળકાના એક સામાન્ય કાર્યકર્તાનો કાગળ આવ્યો. ''મને ક્ષય થયો છે. મારું ને મારા કુટુંબનું શું થશે ? સરદારે તરત જ લાલાકાકાને પત્ર લખી તે કાર્યકર્તાને મુંબઈ બોલાવી ડૉ. ભાસ્કર પટેલના ખાનગી દવાખાનમાં દાખલ કરાવી સારવાર કરાવી. પછી સારું થતાં તેઓ ઘેર ગયા ત્યારે પણ દર મહિને સો રૂપિયા મોકલતા.''

ઘણા જાણે છે કે સુભાષચંદ્ર બોઝ અને સરદાર વચ્ચે ભારે મતભેદ હતો. ઘણા ઓછા જાણે છે કે સુભાષબાબુની વિધવા પત્ની એ જીવ્યાં ત્યાં સુધી સરદારે દર મહિને પૈસા મોકલાવ્યા કર્યા હતા. ચન્દ્રવદન મહેતા તેના સાક્ષી છે.તેઓ પણ એકવાર એ નાણાં લઈ

ગયા હતા. તેમને પુછવામાં આવ્યું કે, “સરદાર સાહેબ, આ નાણાં સુભાષચંદ્રની પત્નીને આપવાનું કારણ શું?” તુરત જવાબ મળ્યો, “સુભાષ દેશભક્ત નહોતા?” સરદારમાં ભરોભાર ઔદાર્ય અને અનુકંપા હતા.

સરદાર અને ગાંધીજી સાથે જેલમાં હતા ત્યારે સરદાર ગાંધીજીના હરેક કાર્યો કરતાં. બિમાર ગાંધીજીની ચાકરી સરદારે ખૂબ જ કાળજીથી કરી હતી. ગાંધીજી એ નોંધ્યું છે કે, ‘’જેલમાં સરદાર સાથે રહેવાનું મળ્યું એ એક મોટો લ્હાવો હતો. તેમની અદ્વિતીય શૂરવીરતા અને જ્વલંત દેશ પ્રીતિની તો મને ખબર હતી. પણ આ સોળ મહિના તેમની સાથે જે રીતે રહેવાનું સદ્ભાગ્ય મને સાંપડ્યું, તેવી રીતે કદી હું તેમની સાથે રહ્યો નથી. તેમણે પ્રેમથી મને જે તરબોળ કર્યો છે તેથી તો મારી વહાલી માતાનું સ્મરણ થઈ આવતું. તેમનામાં આવા માતાના ગુણો હશે તે તો હું જાણતો જ નહોતો. મને જરાક કંઈક થાય તો એ પથારીમાંથી ઉઠ્યા જ છે. મારી સગવડની નાનામાં નાની વસ્તુ માટે પણ તેઓ જાતે કાળજી રાખતા.”

સરદારના નેતૃત્વનો એક ગુણ તે પણ હતો કે, કાર્યમાં સહકાર આપનારને તે બિરદાવે. સફળતાનો તાજ પોતે પહેરવાને બદલે બીજાઓને પહેરાવે. અન્યના સારા કાર્યોને પણ તેઓ બિરદાવતાં. આથી તેમના સઘળાં કામો સફળતાપૂર્વક કરવામાં લોકોનો સહકાર સાંપડતો.

બોરસદ સત્યાગ્રહમાં જીત મળતાં તેમણે કહ્યું હતું કે, “આ ટૂંકી લડત દરમિયાન તમે કેટલો આકરો ભોગ આપ્યો છે ?



કેટલી હિંમત બતાવી છે ? કેવો સંપ રાખ્યો છે ? કેટલો ઉત્સાહ બતાવ્યો છે ? એ બધું કર્યું ત્યારે જ તમે માગતા હતા તે બધું મેળવી શક્યા. એમાં દરબાર સાહેબની કે પંડ્યાજીની કે મારી, કોઈની બુધ્ધિથી કે ચાતુરીથી આ બધું તમે મેળવ્યું નથી પણ આજે જેલમાં બેઠેલા મહાન તપસ્વીએ ચીંધી દીધેલા માર્ગે ચાલવાથી આ ફતેહ મેળવી છે.”

બારડોલી સત્યાગ્રહની સફળતાના સંદર્ભમાં અમદાવાદે આપેલા માનપત્રના જવાબમાં સરદારની નમ્રતા તરી આવે છે, “તમે અમદાવાદના શહેરીઓ તરફથી માનપત્ર આપ્યું તેમાં મને ગાંધીજીના પટ્ટશિષ્ય તરીકે વર્ણવેલો છે. હું ઈશ્વર પાસે માંગું છું કે મારામાં એ યોગ્યતા આવે. પણ હું જાણું છું. મને ખબર છે કે મારામાં એ નથી. એ યોગ્યતા મેળવવા માટે મારે કેટલા જન્મ લેવા જોઈએ એ મને ખબર નથી. સાચે જ કહું કે તમે પ્રેમના આવેશમાં જે અતિશ્યોક્તિભરી વાતો મારે માટે લખી છે તે ન ગળી શકાય એવી છે....... બારડોલીને માટે મને માન આપો છો તે મને ઘટતું નથી.... હું તો માત્ર એક સંન્યાસીએ જે જડીબુટ્ટી મારા હાથમાં મૂકી તે ઘસીને પાનાર છું. માન ઘટતું હોય તો તે જડીબુટ્ટી આપનારને છે. કંઈક માન પેલા ચરી પાળનાર દર્દીને ઘટે છે, જેણે સંયમ પાળ્યો અને તેમ કરીને હિન્દુસ્તાનનો પ્રેમ મેળવ્યો. બીજા કોઈને માન ઘટતું હોય તો મારા સાથીઓને છે, જેમણે ચકિત બનાવે તેવી તાલીમ બતાવી છે. જેમણે મારા પર જરાય અવિશ્વાસ નથી રાખ્યો. સંપૂર્ણ વિશ્વાસ રાખ્યો છે. અને તાલીમ બતાવી છે, એવા સાથીઓ પાક્યા છે. જેમને સારું ગુજરાત મગરૂર છે, તે એમનું કામ છે. આમ જો માનપત્રમાંનાં વખાણ વહેંચી આપવામાં

આવે તો બધા વખાણ બીજાને ભાગે જાય છે. અને મારે ભાગે આ કોરા કાગળ જ રહે એમ છે.''

હરિપુરા કોંગ્રેસ અધિવેશનની પૂર્ણાહુતિ વખતે આપેલા વ્યાખ્યાનમાં પણ તે જ નમ્રતા તરી આવે છે.

''અહીં જે કંઈ વ્યવસ્થા થઈ છે તે મારા સાથીઓની મહેનતનું પરિણામ છે. મેં તો થોડું માર્ગદર્શન કર્યું હશે. આઠ હજાર સ્વયંસંવકો અહીં કામમાં લાગેલા છે. બે હજાર સ્વયંસેવકો સફાઈનું કામ કરે છે. એમના સેનાપતિ તથા બહેન મૃદુલા સારાભાઈની હું શી તારીફ કરું ? અહીં તમે નાની નાની છોકરીઓ પણ કામ કરતી જુઓ છો. એ પણ ગુજરાતી છોકરીઓ છે. એમણે અહીંની વ્યવસ્થામાં ભારે હિસ્સો આપ્યો છે. અમારા રસોડાની બધી વ્યવસ્થા રવિશંકર મહારાજે કરી છે અને સૌથી છેલ્લા છૂટીને આવે છે. જે જેલમાં જાય ત્યાંનો સુપરિટેન્ડેન્ટ પણ રાજી થઈ જાય છે. જેમનું આખું રસોડું એમને સોંપી દે છે. આવા અમે બધાં છીએ.''

પોતાની જાગીરનો ત્યાગ કરવા બદલ ગોપાલદાસ દરબારને અભિનંદન આપતાં સરદારે કહ્યું કે, ''ગોપાળદાસભાઈ રાજપાટ છોડીને ગુજરાતનાં ગામડામાં સૂકો રોટલો ખાઈ પગપાળા ફરી પ્રજાની સેવા કરે છે.... ભાઈ ગોપાલદાસનો ત્યાગ ગુજરાતના ઈતિહાસમાં સોનેરી અક્ષરોએ લખાશે. આ ધર્મયુધ્ધમાં એમના જેવા સાથી મળવાનું ભાગ્ય પ્રાપ્ત થવાથી હું મગરૂર થાઉં છું.''

નાગપુર સત્યાગ્રહ પૂર્ણ થતાં સત્યાગ્રહી કેદીઓને મુક્ત કરવામાં આવ્યા ત્યારે નાગપુરમાં વિરાટ સભા મળી તેમાં જણાવ્યું કે, ''હું તમને સાચે સાચું કહું છું કે આપણી જીત થઈ છે તેનું માન



મને બિલકુલ નથી બધું માન જેલમાં કષ્ટો અને યાતનાઓ સહન કરીને આવ્યા છો તેમને અને જેઓ આ લડતને અર્થે સહન કરવાને તૈયાર હતા તેમને છે. તેમજ આખી લડત દરમિયાન અથાગ શ્રમ લેનાર અને અદ્‌ભુત વ્યવસ્થા બતાવનાર નાગપુરની કોંગ્રેસ સમિતિને છે. ''

ભોપાળના નવાબ સાહેબે જોડાણખતપત્ર પર સહી કર્યા પછી સરદારને લખેલા પત્રનો જવાબ આપતા સરદાર લખે છે કે, ''આપના રાજ્યનું જોડાણ હિંદી સંઘ સાથે થયું તેમાં અમારી જીત થઈ કે આપની હાર થઈ એવું હું માનતો નથી. એમ હું તદ્દન નિખાલસભાવે આપને જણાવા ઈચ્છું છું. તેમાં તો અંતે તો જે સાચું અને યોગ્ય હતું તેની જ જીત થઈ છે. તેમાં તો આપણે બન્નેએ સાધન તરીકે આપણો ભાગ ભજવ્યો. પરિસ્થિતિની ગંભીરતા આપ સારી રીતે સમજી શક્યા તે માટે અને આપનું પહેલાનું વલણ જે આપના રાજ્ય અને સમગ્ર દેશના હિતની વિરૂધ્ધ હતું તેનો ત્યાગ કરવામાં આપે જે પ્રામાણિકતા, હિંમત અને બહાદુરી બતાવી છે, તે માટે આપને ધન્યવાદ ઘટે છે.''

જૂનાગઢના જોડાણ પ્રસંગે આપેલા ભાષણમાં, ''પહેલાં તમને જૂનાગઢની પ્રજાને, જરાપણ રક્તપાત વિના વિજય મેળવવા માટે હું અભિનંદન આપું છું અને સાથે સાથે કાઠિયાવાડમાં ઉતરેલા હિંદસેનાના નાયક બ્રિગેડિયર ગુરુદયાલસિંઘને અને અનુકરણીય શિસ્ત અને કર્તવ્ય પરાયણતા દાખવનાર આ સેનાને હું મારા ધન્યવાદ આપું છું.''

આવા અનેક દાખલા દ્વારા તેમની નેતૃત્ત્વશૈલીમાં પ્રેમાળતા

તેમજ ઔદાર્ય અને બીજાને બિરદાવવાની ભાવના તરી આવે છે. તેમનામાં અભિમાનની છાંટ જોવા મળતી નથી પણ કોમળતા જ પ્રસરી રહે છે.

સરદારના નેતૃત્વમાં વહીવટી કુશળતા પણ જોવા મળે છે. નારાયણ દેસાઈએ લખ્યું છે કે, "સરદાર મંત્રી તરીકે આઈ.સી.એસ ઓફિસર શ્રી શંકર આવેલા. બહુ વિદ્વાન અને વહીવટી કુશળ. વહીવટ તો આઈ.સી.એસ ઓફિસરો જ ચલાવી જાણે એવું તે દિવસોમાં મનાતું પણ એમને જ્યારે સરદાર સાથે પનારો પડ્યો ત્યારે જ એમણે જાણ્યું કે, ના ભાઈ, આઈ.સી.એસ. ઓફિસરને પણ ચલાવી જાણે એવો આ માણસ છે."

અમદાવાદ મ્યુનિસિપાલિટીના પ્રમુખ તરીકે કરેલા કાર્યો તેમની વહીવટી કુશળતાના દર્શન કરાવે છે. તે સમયે સરદારે આંકી આપેલા સ્થાનિક સ્વરાજના સિધ્ધાંતો આજે પણ માર્ગદર્શક થઈ પડે તેવા છે.દેશી રાજ્યોના વિલિનીકરણમાં પણ તેમની વહીવટીકુશળતા દેખાઈ આવે છે. જૂનાગઢ, હૈદરાબાદ જેવા રાજ્યો સાથે પણ તેમણે જે કાર્યપધ્ધતિ અપનાવી તેમાં તેમની વહીવટ કુશળતાના જ દર્શન થાય છે. કાશ્મીરમાં પણ વહેલીતકે લશ્કર મોકલી તેમની વહીવટીકુશળતા બતાવી જ આપી હતી. જવાહરલાલ અને માઉન્ટબેટન વચ્ચે ન પડ્યા હોત તો સરદારે કાશ્મીરનો પ્રશ્ન તે સમયે જ ઉકેલી નાખ્યો હોત તેવી શ્રધ્ધા આજે પણ હરકોઈને છે જ !

સરદારના નેતૃત્વમાં વ્યવહાર દક્ષતા, વ્યવહાર કુશળતા જોવા મળે છે. તેમની કોઠાસૂઝ અદ્ભુત હતી. તેઓ ભારતના ભાગલાની વિરૂધ્ધમાં હતા. અંગ્રેજોને અહીં ચાલુ રાખવા. ચાલ્યા જવા ન કહેવું



એ અશક્ય હતું. એમણે ગાંધીજીથી અલગ પડીને પણ હિંમતપૂર્વક ભાગલા સ્વીકારવાનું પ્રતિપાદન કર્યું. ભાગલા સ્વીકારવાના પક્ષે સરદાર ન ભળ્યા હોત તો આવો નિર્ણય સ્વીકારવામાં મુશ્કેલી પડત. અહીં તેમની કોઠાસૂઝ, વ્યવહાર કુશળતાના દર્શન થાય છે.

૧૯૪૨ ની લડત શરૂ થઈ તે પહેલાં રાજાજીએ, "જો બ્રિટન આઝાદી આપવાનું કબૂલે તો યુધ્ધ પ્રયાસમાં સક્રિય મદદ કરવાનું કોંગ્રસ કારોબારીને ગળે ઉતરાવેલું. ગાંધીજી માત્ર નૈતિક મદદની વાત કરતા હતા. કારણકે યુધ્ધમાં સક્રિય મદદ એટલે હિંસામાં સહકાર. ગાંધીજીની જેમ કોંગ્રેસ તો અહિંસામાં માનતી હતી એટલે હિંસક મદદ તો થઈ જ ન શકે. ગાંધીજીની આ દલીલ રાજાજીને જ નહિ સરદારને પણ સાચી નહોતી લાગી. તેમને મતે કોંગ્રેસ રાજકીય સંસ્થા હતી અને અહિંસાનો સ્વીકાર તેણે ધર્મ તરીકે નહીં પણ નીતિ તરીકે કર્યો હતો. એટલે બ્રિટન સાથે આ પ્રકારની આપ-લે કરવામં કંઈ વાંધો નહતો. ગાંધીજી પ્રત્યે એમની ભક્તિનો પાર નહોતો. પણ એ ભક્તિ એમને વાસ્તવિક હકીકત જોતાં રોકતી નહતી.

સરદારની સૂઝ, પરિણામ દૃષ્ટિ, દૂર સુધી જોવાની દૃષ્ટિ, કોઠાસૂઝ કે હૈયા ઉકલત અદ્ભુત હતા. પળવારમાં એ વસ્તુ સ્થિતિની આરપાર જોઈ શકતા હતા. એક ફોજદારી વકીલ તરીકે, એક રાષ્ટ્ર નેતા તરીકે અને એક માણસ પારખું વ્યવહારજ્ઞ તરીકે તેઓ ખરેખર એક અસાધારણ નેતા હતા. મનુષ્યો શું કરે ? કેમ વર્તે ? જેની સાથે પનારો પડ્યો છે એ માનવ સમુદાયનો પ્રતિભાવ કેવો રહેશે ? એ કેવી રીતે વર્તશે ? એ જાણવું નેતાને માટે ખૂબ જરૂરી છે. એની

પ્રત્યે દુર્લક્ષ કરીને જે નેતૃત્વ પ્રવર્તે તે બહુ વિચિત્ર પરિણામ લાવી શકે. આપણા દેશનો ઈતિહાસ આ વાત ગાઈ વગાડીને કરે છે. આ વિષય પરિસ્થિતિ ટાળવા માટે સરદાર પટેલ હંમેશા પ્રયત્નશીલ રહેતા.

સરદારે ગાંધીજીની નેતાગીરી સ્વીકારતાં પહેલાં તેમને પણ નાણી જોયા હતા. જ્યારે તેમને ગાંધીજી ઉપર શ્રધ્ધા બેઠી ત્યારે જ તેઓ તેમની સાથે જોડાયા. તેવી જ રીતે ખેડા સત્યાગ્રહ, બોરસદ સત્યાગ્રહ અને બારડોલી સત્યાગ્રહ સમયે પણ તેમણે જે વ્યક્તિઓને પસંદ કર્યા તેનાં પારખાં કરીને કરેલાં. સ્વતંત્રતા મળતાં દેશી રાજ્યોના વિલીનીકરણ માટે તેમણે વી.પી.મેનનને પારખી લીધેલાં. તેમની નોકરીની મુદત પૂરી થતી હતી તેઓ નિવૃત્તિ લેવા ઈચ્છતા હતા. સરદારે તેમને કહ્યું, ‘‘તમારાથી હમણાં છૂટા ન થવાય. દેશની સેવા કરવાનો હવે જ ખરો સમય આવ્યો છે. આવા કટોકટીના સમયે આરામની વાત ન કરાય. ભરદરિયામાં જોખમમાં સપડાયેલું આપણું નાવ સલામત રીતે કિનારે લઈ જવાના કામમાં તમારી જરૂર છે.’’ આમ દેશી રાજ્યોના અટપટા પ્રશ્નો ઉકેલવામાં મેનનની સૂઝ, અનુભવ અને અથાક પરિશ્રમનો લાભ દેશને સાંપડ્યો હતો.

માણસની સાથે પરિસ્થિતિ – વાસ્તવિકતાને પારખવાની શક્તિ પણ સરદારમાં અદ્‌ભુત હતી. બોરસદ સત્યાગ્રહ, ખેડા સત્યાગ્રહ અને બારડોલી સત્યાગ્રહના સમયે જે પરિસ્થિતિ પ્રવર્તતી હતી તેને સરદારની ચકોર નજરે પારખી લીધેલી. પરિસ્થિતિ પારખ્યા બાદ જ સત્યાગ્રહ શરૂ કરેલા તેથી તેમાં સફળતા મળેલી. તેમની ચકોર નજરે ભારતની પરિસ્થિતિને પારખી લઈને જ ભાગલાની વાત સ્વીકારી



હતી. જેટલો સમય અંગ્રેજો રહે તેમ ભારતના વધારે ભાગ પડે તેમ હતા. તે તેમને સમજાઈ ગયું હતું. દેશી રાજ્યોના વિલીનીકરણમાં પણ તેમને જે રાજ્યો સહકાર આપે તેવા હતા તેને પ્રથમ જોડી દીધા. તેમને ખ્યાલ હતો કે જૂનાગઢ, હૈદરાબાદ, કાશ્મીર જેવા રાજ્યો જલદી માનશે નહિ. એટલે છેલ્લે તેમણે આ બધાને બોલાવી - બોલાવીને સામ, દામ, ભેદથી જરૂર પડે દંડનો ઈશારો કરી, જરૂર પડે લોકોનો સહકાર અને લશ્કરનો સહકાર લઈને પણ ભારત સાથે જોડી દીધા રાજાઓને પેન્શન બાંધી આપ્યું; તેમને દરજ્જો જળવાય તેવી સુવિધાઓ આપી; અખંડ ભારતનું નિર્માણ કર્યું. પણ જે પરિણામ થઈ રહ્યું તેમાં તો એમ દેખાય કે આ રાજવીઓએ સ્વેચ્છાએ દેશમાં જોડાવાની સંમતિ આપી છે. લોહીનું ટીપું પણ પાડ્યા વિના આ પુણ્યકાર્ય સરદાર પટેલે પાર ઉતાર્યું. તેમાં સરદારની માણસને સમજાવવાની શક્તિ, માણસને શીશામાં ઉતારવાની શક્તિ, માણસને એનો લાભ દર્શાવવાની શક્તિ, જરૂર પડે કુનેહપૂર્વક ભય પમાડવાની શક્તિ, કોઈક લોભ-લાલચ પણ લગાડવાની શક્તિ - આ બધી શક્તિઓનો સરદારે ઉપયોગ કર્યો હતો.

આમ મનુષ્યોના સમુદાયને, સમુદાયનું મન પારખીને પોતાના લક્ષ્ય તરફ ખેંચવો એવી વ્યક્તિત્વની અને સંકલ્પની શક્તિ સરદારમાં હતી. કોંગ્રેસના નિર્ણયોમાં, નિર્ણયોના અમલમાં તેમજ સરદારના પોતાના વહીવટમાં આ બધા ગુણો દૃષ્ટિગોચર થાય છે. તેઓ જે કાર્ય હાથ પર લેતા. તેની પહેલી ચકાસણી કરતા યા કરાવતા. જ્યારે ખેડા જિલ્લાના આગેવાનો તેમને બોરસદ તાલુકાના લોકો પર નાખેલો હૈડિયાવેરો અંગે મળ્યા ત્યારે તે વેરો અન્યાયી અને ગેર વ્યાજબી છે તેવી ખાતરી થવા છતાં તેમણે શ્રી મોહનલાલ

પંડ્યા અને રવિશંકર મહારાજની તપાસ સમિતિ નીમી. તપાસ સમિતિએ ભારે જહેમત ઉઠાવી, ગામેગામ ફરી, ઝીણામાં ઝીણી વિગતની ચોકસાઈ કરીને અહેવાલ તૈયાર કર્યો. તા. ૨-૧૨-'૨૩ ના રોજ બોરસદ મુકામે 'બોરસદ તાલુકા પરિષદ' બોલાવવામાં આવી. તેમાં સમિતિએ અહેવાલ રજૂ કર્યો. ત્યારે પણ બેરિસ્ટરની અદાથી હકીકતોની સચ્ચાઈ વિશે શંકાઓ ઉઠાવી, સવાલો પૂછયા. પંડ્યાજીએ દરેક પ્રશ્નના શાંતિથી જવાબ આપ્યા. હકીકતોની સચ્ચાઈ અને પ્રામાણિકતાનો ખ્યાલ મેળવી અન્યાયી અને ગેરવાજબી વેરા અંગે સત્યાગ્રહ કરવા તેમણે બીજા દિવસે પ્રાંતિક સમિતિની બેઠકમાં અહેવાલ રજૂ કરી, લડત ઉપાડી હતી.

બારડોલીમા મહેસૂલ વધારો નંખાયો ત્યારે તેનું પ્રતિનિધિ મંડળ તેમને મળ્યું. તેમણે કહ્યું, "તમે થોડા આગેવાનોએ અભિપ્રાય રજૂ કર્યો. મારે તો તાલુકાના તમામ ખેડૂતોની ઈચ્છા શી છે તે જાણવું જોઈએ. વળી માત્ર વધારો જ નહીં, આખું મહેસૂલ ન ભરવાની તૈયારી હોય તો જ હું તમને દોરવણી આપી શકું. માટે તમે તાલુકાને ગામે ગામ ફરી લોકમત જાણીને પછી મારી પાસે આવો. લોકોની એટલી તૈયારી હશે તો હું ખુશીથી આવીશ." અને તેમને બારડોલીનો કેસ વાજબી લાગ્યો ત્યારે જ તેને દોરવણી આપવાનો નિશ્ચય કર્યો હતો.

આમ હરેક કામ લેતા પહેલાં તેની ચકાસણી કરતા અને પછી જ હાથમાં લેતા તેથી તેમાં તેઓ સફળ થતા. નેતાની આ ફરજ છે. કામની પરિસ્થિતિ વિશે માહિતગાર જ ન હોય તેવા કામ હાથ પર લેવાય નહિ તેવું તેઓ માનતા હતા અને તે પ્રમાણે જ તેઓ વર્તતા



પણ હતા.

નેતા આયોજક હોવો જોઈએ. આયોજન વિના કાર્યમાં વ્યવસ્થા જળવાય નહિ. વલ્લભભાઈ પણ આયોજનકર્તા હતા. તેઓ કોઈપણ કાર્ય હાથ પર લેતા પહેલાં તે અંગે ઊંડાણથી વિચારતા અને આયોજન કરતાં. કાર્ય સાથે લોકોનો સહકાર લેવા તેમને સમજાવતાં. કાર્યની આંટી-ઘૂંટીઓનો તેમને ખ્યાલ આપતા. લોકોની તૈયારી હોય તો જ તેઓ નેતૃત્ત્વ લેતાં.

ખેડા સત્યાગ્રહ સમયે તેમણે લોકોને તૈયાર કરતાં કહેલું, "આ લડતમાંથી આખો દેશ સળગી ઉઠશે. દુઃખ સહન કર્યા વગર સુખ મળતું નથી અને મળે તો લાંબો સમય ટકતું નથી. મજબૂત અને મક્કમ વિચારની પ્રજા હોય તેમાં જ રાજ્યની શોભા છે. નાલાયક અને બીકણપ્રજાની વફાદારીમાં માલ નથી. નીડર અને સ્વમાન જાળવનારી પ્રજા જે વફાદારી બતાવે છે તે જ પ્રજા સરકારને શોભા આપનારી છે.... પણ જે વીરપુરુષે આ લડત ઉઠાવી છે તે નામર્દને મરદ બનાવે એવા છે. અને ખેડા જિલ્લો હિંદમાં વીરપુરુષની ભૂમિ છે. તેઓ આવી મદદનો વિચાર પણ ન કરે. પૈસાની મદદથી ખરો લાભ ના થાય. તેથી કાંઈ ખરું દુઃખ ના ટળે. એક વખત દુઃખ ઉઠાવી સરકારની પધ્ધતિ ફેરવીશું તો ન હંમેશનું દુઃખ ટળશે."

બોરસદ સત્યાગ્રહ સમયે પણ તેમણે તપાસ સમિતિ નીમી, અહેવાલ તૈયાર કરાવ્યો. બોરસદ તાલુકા પરિષદ બોલાવી તેમાં લોકોને તૈયાર કર્યાં. ગુજરાત પ્રાંતિક સમિતિ બોલાવીને અહેવાલ રજૂ કર્યો. લોકોને ભાષણો અને સત્યાગ્રહ-લડતની સમજૂતિ પત્રિકા

દ્વારા સત્યાગ્રહી સેનાપતિ તરીકે તેમણે ભાવિ સત્યાગ્રહો માટે તાલીમ આપવાનું શરૂ કર્યું. તેમાં સત્યાગ્રહના સિધ્ધાંતો ઉપરની તેમની શ્રધ્ધા અને બોરસદ તાલુકાના વતની તરીકે જન્મભૂમિની ટેક સાચવવાની તમન્ના જોવા મળે છે.

બારડોલી સત્યાગ્રહ સમયે પણ તેમણે આગેવાનોને જ નહીં સમગ્ર તાલુકાના લોકોનો સહકાર મેળવવાનો પ્રયાસ કરેલો. ખેડૂતોની પરિષદ બોલાવવામાં આવી, તેમાં એંશી ગામના આગેવાનો આવ્યા. તેમને લડતની સમજ આપી. પોતાના આયોજન મુજબ લડત કરવાની લોકોની તૈયારી જોઈ - લોકો તૈયાર છે તેવી ખાત્રી થઈ ત્યારે જ તેમણે તેનું નેતૃત્ત્વ લીધું હતું.

સવિનય કાનૂનભંગની લડત - દાંડીકૂચ પહેલાં તેમણે ગુજરાતના ગામડે ગામડે ફરીને લોકોને તૈયાર કરવાનું શરૂ કર્યું હતું. ભરૂચ મુકામે ૧૧ ફેબ્રુઆરીના રોજ તેમણે આપેલા ભાષણમાં લોકોને તૈયાર કરવાની અને લોકોને કેવી રીતે લડાઈ કરવાની છે તેની સમજણ આપતી વિગતો જોવા મળે છે. “જગતે નહીં જોયેલું એવું એક ધર્મયુદ્ધ હવે શરૂ થાય છે અને તે એવા પ્રકારનું છે કે જેમાં એક તરફ બધી સાત્વિક શક્તિનો સંગ્રહ, ધાર્મિક શક્તિનો સંગ્રહ, ધાર્મિક શસ્ત્રનો જ ઉપયોગ થવાનો છે; બીજી તરફ આસુરી શક્તિનો સંગ્રહ, જગતમાં રાવણના જમાનાથી આજ સુધી કદી નહોતી થઈ એવી રાક્ષસી સામગ્રીવાળી રાજસત્તા આસુરી શક્તિનો ઉપયોગ કરવાની ધમકી આપી રહી છે. આ બે સત્તાઓ વચ્ચે સંગ્રામ થવાનો છે. એ યુધ્ધમાં આપણે શો ફાળો આપીશું. તેનો નિર્ણય તમારે કરવાનો છે. જગતમાં કદી નહીં બનેલું એવું આ યુધ્ધ છે અને તમારે સદ્‌ભાગ્યે



તમારા આંગણે મંડાવાનું છે. તમને ખબર હશે અને ન હોય તો ખબર આપું છુંકે આ દેશનો કે પરદેશનો ઈતિહાશ વાંચશો તો તેમાં ગુજરાતનું નામ-નિશાન નથી. તમારા છોકરાઓને પારકા ઈતિહાસ જાણવાના હોય છે. બહુમાં બહુ તો તેમાં આટલું જ લખાતું હોય છે કે ગુજરાતીઓ વેપાર ખેડી ખાનારા દલાલો. એણે કદી સમશેર ઝાલી નથી. એણે રણસંગ્રામ જોયા નથી. એણે તોપના ધડાકા સાંભળ્યા નથી. તડકો છાંયો જોયો નથી. એવા ગુજરાતમાં આવુ ધર્મયુદ્ધ મંડાય છે. એ તમારું સદ્‌ભાગ્ય છે.... જવાબ આપવો હોય તો બારડોલીના ખેડૂતોની જેમ આપો. તેઓ તમારા માંહેના જ હતા. આખા ગુજરાતમાં નરમમાં નરમ એ પોચા ખેડૂતોએ વગર હથિયારે એકવાર તો આ સલ્તનતની મૂંડી નીચી કરાવી છે. ગુજરાતીઓ બીજીવાર ભયંકર યુદ્ધ ઉપાડે છે, તે હિંદની ઈજ્જત ખાતર, ગુજરાતને પોતાનો ઈતિહાસ વાંચવા મળે એ માટે અને વડીલોએ પોતાનો હિસ્સો એ લડતમાં આપેલો અને જાણી ભવિષ્યની પ્રજાને ઉંચી ડોકે ફરવાનું થાય એ માટે, આ લડતમાં ભળવામાં તમને મગરૂબી થવી જોઈએ.” આવી રીતે લોકોને સત્યાગ્રહ માટે તૈયાર કરતા હતા. તેઓએ વિવિધ ગામોમાં ફરીને લોકોને જાગૃત કરવાના પ્રયાસો કર્યા હતા. ૭મી માર્ચે ખેડા જિલ્લાના કંકાપુરામાં ભાષણ ગોઠવાયેલું. કંકાપુરા જતાં સરદાર રાસ ગામે રોકાયા. ત્યાંના આગેવાનો એ સભા કરી. પાંચ સાત હજાર માણસો એકઠા થઈ ગયેલાં. આગેવાનોએ સરદારને મળી વાત કરી. સરદાર તો લોકોને સંદેશ આપવા અને તૈયાર કરવા નીકળેલા. તેમણે તરત હા પાડી. સરકારે સરદારની કંકાપુરમાંથી ધરપકડનું આયોજન કરેલું. ત્યાં રાસમાં સભા થઈ અને સરકારે સરદારની રાસમાં ધરપકડ

કરી. આમ સરદારે સત્યાગ્રહ માટે લોકોને સમજાવતાં ધરપકડ પણ વહોરી હતી.

સ્વતંત્રતા મળતાં તેમણે દેશ સમક્ષના જે પ્રશ્નો હાથમાં લીધા તેમાં આયોજનબધ્ધ કાર્ય કર્યું હતું. દેશી રાજ્યોના વિલીનીકરણ માટે તેમણે જ્યારે જવાબદારી સ્વીકારી ત્યારે તેમણે એ કાર્યમાં સંપૂર્ણ સહાયરૂપ બને એવા કાર્યદક્ષ, એ પ્રશ્નોના નિષ્ણાત, મહેનતુ અને પ્રજા કલ્યાણની ભાવનાવાળા માણસોની શોધ કરી. તેમની નજર જેના પર કરી હતી તેને જ પોતાના પ્રેમબળે ઝડપી લીધા અને પછી દેશી રાજાઓને હાર્દિક અપીલ કરી, રાજાઓને મળ્યા, ૧૦ જુલાઈ ૧૯૪૭ ના રોજ પોતાના નિવાસ સ્થાને સભા રાખી, ૨૪ જુલાઈએ રાજાઓ અને દીવાનોના પ્રતિનિધિ મંડળને મળ્યા, જોડાણ દસ્તાવેજ અને દુરસ્ત સ્ટેન્ડ સ્ટીલ એગ્રીમેન્ટના ખરડા તૈયાર કરી રાજાઓને આપ્યા, ચર્ચા કરવા સભા બોલાવી, દસ રાજા અને બાર પ્રધાનોની સમિતિ બનાવી, રાજાઓને સમજાવ્યા, વગેરે કાર્યો આયોજન વિના તો નહીં જ થયા હોય ને ! ખરેખર સરદારની સફળતાનો આધાર તેમની આયોજનબધ્ધતામાં રહેલો છે.

નેતા સત્તાવાહીને બદલે લોકોત્તર પુરુષ હોવો જોઈએ. સત્તાવાહી સત્તાના તોરમાં ન કરવાનું કરી બેસે. કોઈ ટીકા કરે તો તેનો ઉધડો લઈ નાખે. સરદાર એવા સત્તાવાહી પુરુષ નહોતા તે તો લોકોત્તર પુરુષ હતા. જોઈએ રવિશંકર મહેતા સાથેનો સંવાદ.

૧૯૩૬માં મુંબઈ રાજ્યના ગૃહમંત્રી કનૈયાલાલ મુનશીએ પોતાના આવાસે એક ચા પાર્ટી યોજી હતી. તેમાં સરદારવિરૂધ્ધ લખનાર હિન્દુસ્તાન - પ્રજામિત્રના રવિશંકર મહેતાને આમંત્રણ



આપવામાં આવેલું. મુનશીજી બધાનો પરિચય આપતા હતા. મુનશીજીએ રવિશંકર મહેતાની પાસે આવીને તેમનો પરિચય આપ્યો. એટલે સરદારે તેમના ખભા પર હાથ મૂકી કહ્યું, “તમે રવિશંકર ને ? તમારી કલમ તો તેજાબી છે, પણ હવે અંગ્રેજો નથી; રાજ ચલાવવાની જવાબદારી આપણા પર આવી છે, આપણા ભાઈઓને હજુ એનો અનુભવ નથી માટે તમારી જવાબદારી સમજીને લખજો !” એટલે રવિશંકરે કહ્યું, “”સાહેબ, ટીકા કરવામાં મારો કોઈ અસદ્ હેતું છે એમ આપને લાગે છે ?” સરદારે કહ્યું, “એમ હોય તો તમને આ હું કહું જ નહીં ને!”

રાજકાજમાં સૂઝ હોવી, શું કરીશું, તેનું શું પરિણામ આવશે, એનો ખ્યાલ હોવો એ બહુ જરૂરની વસ્તુ છે. આ બધું સરદારમાં પડેલું. એમના નેતૃત્વમાં હૈયા ઉકલત, સૂઝ, દૂરદૃષ્ટિ, પરિણામ દૃષ્ટિ સમાયેલાં હતાં. ચીનની બદદાનતની એમને ખબર હતી. સરદાર જોઈ શકતા હતા કે, “તિબેટ વુડ બી એ બફર સ્ટેટ”. ભારત અને ચીનની વચ્ચે તિબેટ જેવો સ્વાયત્ત મુલક હોય તો એ બફર સ્ટેટ તરીકે કામ લાગે. ચીન સીધું ભારત પર આક્રમણ કરી ન શકે. પણ તિબેટ એ ચીનનો ભાગ છે. એ વસ્તુ નહેરુએ સ્વીકારી લીધી, પરિણામે ચીન જ્યારે આક્રમક બન્યું ત્યારે એણે લડાખ પણ ઓળવી લીધું. અને ભારતની સરહદ પર ચીનનું સૈન્ય આવીને ઉભું રહ્યું. બે વાર ચીને ભારત પર આક્રમણ કર્યું. એનું એક કારણ સરદારની દૃષ્ટિએ આપણે જોયું નહિ. તેમની વાતનો સ્વીકાર જવાહરે કર્યો નહિ અને સમયસર તિબેટનો ઘડો આપણે કર્યો નહિ.

સરદારના દેશી રાજ્યોના વિલીનીકરણ પાછળ પણ દીર્ઘદૃષ્ટિ

હતી. એકતાની, બાબત તો હતી જ. પણ સાથોસાથ આયાત નિકાસ, કાયદો, વ્યવસ્થા, લશ્કરી હેરફેર, રેલવે વિકાસ, સલામતીની દષ્ટિએ સો-દોઢસો બંદરો, તેની જકાત, તાર-ટપાલ, ચલણીનાણું, લશ્કરી તંત્ર વગેરે બાબતો ધ્યાનમાં લીધી હતી. હિન્દુસ્તાનના તમામ રાજ્યોના એકીકરણથી સરદારે કેન્દ્રીય સરકારને દસ કરોડની વસ્તી આપી, સાડા ત્રણ લાખ ચોરસ જમીન, આઠ હજાર માઈલની રેલવે લાઈન, સમુદ્ર કિનારાના બંદરોના નાના મોટા સવાસો ટુકડાઓ, ભારતના બખ્તરમાં છિદ્રો હતા તે પૂરી દીધા. આમ એકીકરણ પાછળ સરદારની ઘણી વિશાળ અને દીર્ઘદષ્ટિ હતી.

કાશ્મીરની બાબતમાં સરદારે વર્લ્ડ કોર્ટમાં જવાની ના પાડી હતી પણ જવાહરલાલ માન્યા નહિ. એમણે વર્લ્ડ કોર્ટમાં કેસ મૂક્યો. આજે એ વાતને ૫૬ વર્ષ વીતી ગયા તથાપિ વર્લ્ડ કોર્ટ કોઈ ચૂકાદો આપ્યો નથી. અને તે દરમ્યાન પાકિસ્તાનના સૈન્યે જે કાશ્મીર પડાવ્યું એ આઝાદ કાશ્મીર વિખૂટું પડી ગયું છે. આમ થતાં જે કાશ્મીર રહ્યું તે જ આપણું કાશ્મીર. જમ્મુ અને કાશ્મીર જેમ છે તેમ રહ્યાં છે. અનેક ઉત્પાતો એમાંથી સર્જાયા છે. આજે કાશ્મીરના જે હાલ છે એમાં સરદાર પટેલે જે કહ્યું હતું તે સમયસર અમલમાં ન મૂકાયું એ પણ એક કારણ છે. તે ઉપરાંત શેખ અબ્દુલ્લાના સ્વભાવ વિશેનું બે દાયકાઓ પહેલાનું એમનું પૃથ્થકરણ સાચું જ પડ્યું. દીર્ઘદષ્ટિ તો ખરી, પણ કેટલી ઊંડી તેનો ખ્યાલ ઉપરોક્ત પ્રસંગોથી આવે જ છે.

વચન પાલનની બાબતમાં સરદાર ખૂબ જ આગ્રહી હતા. બંધારણનો મુસદ્દો ઘડાતો હતો ત્યારે ડૉ. આંબેડકરે એવું સૂચન કર્યું કે, ''દેશી રજવાડાંઓને આપવાનાં સાલિયાણાં વગેરે બાબત સનદી



અમલદારોને આપવામાં આવેલી બાંહેધરીઓ બંધારણમાં અંકિત કરવાની જરૂર નથી.'' સરદારે જણાવ્યું કે, ''તેઓ પોતે તેમજ સમગ્ર કેબીનેટ આ બાબતમાં વચનબધ્ધ છે. અને સરકાર આ બાબતમાં પાછી પાની કરશે તો પોતાને સરકારમાંથી રાજીનામું આપવું પડશે.'' પરિણામે બાંહેધરીઓ બંધારણમાં અંકિત થઈ. આ બતાવી આપે છે કે સરદાર વચનપાલનના કેટલા આગ્રહી હતા.

સરદારની સાથે જે જે જોડાયા તેમને સરદારમાં પૂર્ણ વિશ્વાસ હતો. બારડોલી, બોરસદ અને ખેડા સત્યાગ્રહના આગેવાન કાર્યકરો જીવનભર સરદાર સાથે સંકળાયેલા જોવા મળ્યાં છે. નાગપુર ઝંડા સત્યાગ્રહ લગભગ એકસો દસ દિવસ ચાલ્યો. તેમાં આશરે ૧૭૫૦ સત્યાગ્રહીઓને સજા થઈ હતી એ ભાવનાશાળી સૈનિકોએ આવી લડત ફરીથી ઉપડે ત્યારે પોતાને સાદ કરવા સરદારને જણાવ્યું હતું. તેમાં સત્યને ન્યાય કાજે આપભોગ આપવાની તમન્ના તેમજ સેનાપતિ પ્રત્યેનો વિશ્વાસ દેખાઈ આવે છે. સરદાર કેટલા વિશ્વસનીય હતા તે દેખાઈ આવે છે.

નેતા હકારાત્મક વલણવાળો હોવો જોઈએ. સરદારના નેતૃત્વમાં આ ગુણ શરૂઆતથી જ દેખાઈ આવ્યો છે. ૧૨મી જાન્યુ. ૧૯૨૪ ના શનિવારના રોજ બોરસદ મુકામે પૂર્ણાહુતિ ઉત્સવની સભામાં આપેલું ભાષણ તેનો ખ્યાલ આપે છે. ''આપણી લડત પૂરી થઈ છે. તેને સંકેલવામાં જે કાંઈ બાકી રહ્યું હોય તેમાં બને તેટલી મીઠાશથી તમારે કામ લેવું. તમારામાંથી કોઈએ સરકારથી ડરીને નબળાઈથી દંડના પૈસા ભર્યા હોય અથવા સરકારને જપ્તી કરવાની સગવડ કરી આપી હોય તેમને દંડવાનો કે ત્રાસ આપવાનો

વિચાર તમે છોડી દેજો. મેં જાણ્યું છે કે તમે ઉજાણી કરવાના છો તે ભલે કરો. પણ મારી સલાહ છે કે ઉજાણીમાં જપ્તી કરવા આવનારાઓને તથા પોલીસને પણ ભાગ લેવા નોતરજો. તેમની સાથે તમારે હવે કાંઈ લડત રહી નથી. તલાટી, મુખી, રાવણિયા, પોલીસ સૌની સાથે મહોબત કરજો. તેમણે કરેલી જપ્તીઓ ભૂલી જજો.''

ગુજરાત પ્રાંતિક સમિતિની સ્થાપનાથી સરદાર તેના પ્રમુખ હતા. ઈ.સ. ૧૯૩૪ માં વિશ્વાસુ સાથીઓનાં દિલમાં અસંતોષ થતાં તેમણે ૧૭-૧૨-૩૫ ના દિવસે ચંદુભાઈને લખેલા પત્રમાં, ''મારા રહેવાથી ગુજરાતનું વાતાવરણ રૂંધાતું હોય તો મારો ધર્મ છે કે મારે માર્ગ ખુલ્લો કરી આપવો જોઈએ.'' તેવું જણાવેલું. તો ભરૂચના આગેવાન દિનકરરાય દેસાઈને ૩૧-૧૨-૩૫ ને દિવસે લખેલા પત્રમાં જણાવેલું કે, ''હું છોડવાનો તો હતો જ. માત્ર ચંદુભાઈનો માર્ગ સરળ કરી, એમને વધારેમાં વધારે સહકાર મળે એ જ હેતુથી કામ કરી રહ્યો હતો. પણ ગમે તે કારણથી એ અવળું સમજી બેઠા એનું પરિણામ આપણે જોયું છે. એ પરિસ્થિતિમાંથી માર્ગ કાઢવો રહ્યો. ગાય જીવે અને રતન નીકળે તેમ કરવું રહ્યું. એમાં મારી ભૂલ થતી હોય તો મને સાફ સાફ વાત કરતાં મુદ્દલ સંકોચ ન કરશો.'' કેવી હકારાત્મક લાગણી હતી તે જોઈ શકાય છે. હકારાત્મક વલણ તો ખરું જ પણ ઉદારતા પણ ખરી જ ! મૈસુર રાજ્યને ત્યાંના મહારાજાએ હિંદી સંઘ સાથે જોડાવાની દરખાસ્ત સ્વીકારી લીધી. તે ઘણું વિકાસશીલ રાજ્ય હતું. તેની પાસે અઢળક સંપત્તિ હતી. છતાં મહારાજાએ પોતાના ખાનગી ખર્ચની વાર્ષિક રકમ-સાલિયાણાંનો ઉલ્લખે પણ ન કર્યો. બીજા રાજ્યોના જોડાણ



વખતે રાજાઓ સાલિયાણાંની વાત પહેલી નક્કી કરતાં. સરદાર એ દિવસોમાં પથારીવશ હતાં. તેમણે શ્રી મેનનને બોલાવીને પૂછયું કે, ''મૈસૂરના મહારાજાનનું સાલિયાણું કેટલું નક્કી કર્યું ? '' હજુ નક્કી કર્યું નથી.'' સરદારે તરત જ મેનનને મૈસુર મોકલ્યા અને મહારાજાની ઈચ્છાનુસાર સાલિયાણાંની રકમ ઠરાવવા નક્કી કહ્યું. મેનન મૈસુર ગયા અને સરદારની સુચના અનુસાર સાલિયાણું ઠરાવી આવ્યા. કેટલી ઉદાર લાગણી ! આ પ્રકારનો નેતા કોને પ્રિય ન હોય !

સરદાર હંમેશા કાર્યકરો તૈયાર કરવામાં માનતા હતા. પોત પોતાની હકૂમત જળવાઈ રહે તેમાં માનતા ન હતા. તેમને તો સેવા કરવી હતી સત્તાની જરૂર તેમને ન હતી. ખેડા, બોરસદ અને બારડોલી સત્યાગ્રહ સમયે સ્થાનિક કાર્યકરોને તેમણે મોટાભાગની જવાબદારીઓ સોંપી હતી. તેમનું ઘડતર થાય તે માટે તેઓને સતત માર્ગદર્શન આપતા રહ્યા હતા. પોતાના અનુભવોની જાણ તેમને કરતા રહ્યા હતા. ગુજરાતમાં નેતાઓની એક સાંકળ તેઓએ રચી હતી. તો ભારતવર્ષમાં પણ તેમણે અનેક નેતાઓને તૈયાર કરવામાં ભૂમિકા ભજવી હતી.

સરદાર આચરણના આગ્રહી હતા. તેઓ જે બોલતા તે પાળતા હતા. નિયમોનું આચરણ કરતાં હતાં. ગાંધીજીના સિધ્ધાંતોને - નિયમોને તેમણે આચરી બતાવ્યા હતા. ઈ.સ. ૧૯૬૨ ના નવેમ્બરમાં અબ્બાસ સાહેબના પ્રમુખપદે મળેલી કાઠિયાવાડ રાજકીય પરિષદના મંડપમાં અસ્પૃશ્યોનો વિભાગ જુદો રાખવામાં આવ્યો હતો. વલ્લભભાઈનું ધ્યાન વ્યાસપીઠ પરથી એ તરફ ગયું.

એટલે તરત જ પોતે ઉભા થઈને અસ્પૃશ્યોની વચ્ચે જઈને બેઠા. અસ્પૃશ્યોને જુદા બેસાડવાથી અસ્પૃશ્યતા નિવારણ હરગીજ થાય નહિ તે વાત તેમણે સ્વીકારેલી હતી. અસ્પૃશ્યતા નિવારણ એ સ્વરાજયની ચાવી છે. એ વસ્તુ તેમણે પોતાના કાર્યથી બતાવી આપી.

ખાદીને તેમણે જીવનભર અપનાવી હતી. અને તે પણ પોતે જ કાંતેલી. તે જ્યારે વકીલ હતા ત્યારનો પહેરવેશ અને સત્યાગ્રહની લડતમાં જોડાયા પછીનો પહેરવેશ જોઈએ તો પણ ખ્યાલ આવે કે તેમણે ખાદીનો સ્વીકાર કર્યો હતો. જે જીવનભર રહ્યો હતો.

આત્મીયતા સરદારના નેતૃત્વનું લક્ષણ હતું. તેમના દિલમાં કોઈના પ્રત્યે નફરત ન હતી. હા તે કોઈ આડો ફાટે તો તેને સીધો કરવામાં માનતા હતા. તેને શિક્ષા કરવામાં માનતા હતા. પણ પછીથી તેના પ્રત્યે તેમના દિલમાં પાપ રહેતું નહતું. સરદાર શિસ્તના આગ્રહી હતા. તેથી કેટલાંકને આકરાં લાગતા. પણ સરદાર હંમેશા દેશહિત થાય તે માટે શિસ્ત જરૂરી છે તેમ માનતા. છતાં તેમના દિલમાં હંમેશા સૌના માટે કોમળતા હતી. આત્મીયતા હતી. કુંવરજીભાઈ મહેતાના પત્ની ગંગાબહેનના અવસાન પ્રસંગે લખેલા પત્રમાં, “તમે ભાંગી જશો તો બધાંને ભાંગી પાડશો તમારી પાછળ વીંટળાયેલા ઘણાં છે. એ બધાંનો આધાર તમારી હિંમત ઉપર છે.... મુશ્કેલીઓનો માર્ગ કરવામાં જ આપણી મરદાઈની કસોટી છે.” તો કાઠિયાવાડના સત્યાગ્રહી સેનાની શ્રી ફુલચંદભાઈ શાહ પર લખેલા પત્રમાં, ૧૬-૪-૩૪ ના રોજ મણિબહેન પટેલને લખેલા પત્રમાં પણ તેમની આત્મીયતાના દર્શન થાય છે. તેઓ પોતાના સાથીઓને યાદ કરતા, તેમની ચિંતા કરતા તે જણાઈ આવે છે. સરદારનું



અંતઃકરણ કેવું સુકોમળ હતું તેમના હૃદયમાં વાત્સલ્યના કેવા ઝરણાં વહી રહ્યા હતા તેનો ખ્યાલ જેલમાંથી લખેલાં પત્રો આપે છે. જાણીતા-અજાણ્યા, નામી-અનામી, નાના-મોટા, સૌની પ્રત્યે સરદારના દિલમાં એક સરખો વાત્સલ્યભાવ હતો. અને એ જ સરદારના કાર્યો અને સફળતાની ચાવી હતી.

સરદાર એક નેતા તરીકે ત્વરિત નિર્ણય લેનારા હતા. તેમણે સત્યાગ્રહની લડતોમાં લીધેલા નિર્ણયો, અમદાવાદ મ્યુનિસિપાલિટીના પ્રમુખ તરીકે લીધેલા નિર્ણયો, ગૃહપ્રધાન તરીકે લીધેલા નિર્ણયો અને દેશી રાજ્યોના વિલીનીકરણમાં લીધેલા નિર્ણયોથી આપણને ખ્યાલ આવે છે કે તેઓની નિર્ણય કરવાની શક્તિ અદ્‌ભુત હતી. સરદારે સત્યાગ્રહની લડતોમાં ગાંધીજીનો હુકમ મળ્યા પછી ફરીથી કોઈવાર કાર્ય કરવામાં ગાંધીજીને પૂછવામાં સમય વીતાડ્યો નહોતો. સરદારે સ્થિર બુધ્ધિથી અને સ્વસ્થતાથી નિર્ણયો લઈ કાર્યો કર્યા હતા. કોમી હુલ્લડો ફાટી નીકળ્યા ત્યારે સરદારે જે કામ કર્યું, એમાં એમની નિર્ણય શક્તિનો અને અધિકારીઓને જે સલાહો આપી તેમાં પરિસ્થિતિને કાબુમાં લેવાનો એમનો નિર્ધાર વ્યક્ત થાય છે. ગાંધીજી ઉપર ગોડસેની ગોળી છૂટી ત્યારપછી સરદારે કહ્યું, “જાહેર કરો કે દેશની અંદરના એક હિંદુની ગોળીથી મહાત્મા ગાંધી વિંધાયા છે.” કોઈ મુસલમાને ગોળી છોડી એવો જો ભ્રમ ફેલાય તો દેશમાં શું થઈને રહે એ કહી શકાયએમ નહોતું. આવી ત્વરિતબુધ્ધિ સરદારમાં હતી.

સરદાર ગુજરાતના જ નહીં ભારતના અગ્રણી નેતા બની રહ્યા. કારણકે તેઓના નેતૃત્વમાં સૌને વિશ્વાસ હતો. તેમની નીતિ-

રીતિ સૌને પસંદ હતી. તેઓ એક આદર્શ નેતા હતા. તેમના વિરોધીઓએ પણ તેમને જ્યારે સમજાયું ત્યારે તેમની દૃષ્ટિ સાચી હતી તેમ કહ્યું છે. તેમાંજ  તેમના નેતૃત્ત્વની લાક્ષણિકતાઓ તરી આવે છે. યશવંત શુકલે નોંધ્યું છે કે, ''હું એમ માનું છું કે, દુર્ગાદાસના, મેનનના, શંકરના, રાજમોહન ગાંધીના પુસ્તકો, નરહરિ પરીખ અને મહાદેવભાઈ દેસાઈએ લખેલાં જીવન ચરિત્રો જો આપણે વાંચીએ તો સરદારની બહુમુખી પ્રતિભાનું આપણા મનમાં એક સ્પષ્ટ ચિત્ર અંકાય. એક ચાહવા જેવો માણસ, દેશને વહાલ કરતો માણસ, એક વ્યવસ્થિત માણસ, એક પોતાના માટે કશું નહિ માગનારો માણસ અને ત્ત્વત : વિનમ્ર માણસ આપણે પામીએ અને છતાં બહારથી એ માણસ કરડો લાગે, પ્રેમાળ છતાં અત્યંત અક્કડ લાગે એવું વિધિનું નિર્માણ હતું.''

બારડોલી સત્યાગ્રહને તટસ્થતાથી નિહાળી રહેલા સર લલ્લુભાઈ શામળદાસે 'ઈન્ડિયન નેશનલ હેરલ્ડ'માં લખેલા લેખમાં જણાવ્યું હતું કે, 'વલ્લભભાઈ સિવાય બીજો કોઈ આવી લડતમાં સફળ થાય નહીં. લોકોનો વિશ્વાસ તેમણે જેટલો જીતી લીધો તેટલો ભાગ્યે જ બીજો કોઈ જીતી શકે. ખેડૂતોએ પણ એટલી જ ધીરજ અને સહનશક્તિ બતાવ્યાં. પોતાના નેતાના પડ્યા બોલ તેમણે ઝીલ્યાં છે.'

'વીર વલ્લભભાઈ' માં મહાદેવભાઈએ લખ્યું છે કે, ''વલ્લભભાઈ સાથે બહુ રહ્યા પછી તેમની બોલચાલ, તેમનું હાસ્ય, તેમનું તેજ, તેમના રાગ અને આવેશ જોયા પછી ટિળક મહારાજનું વધારે સ્મરણ થાય છે. ..... અવળી છાપ પાડવાની વિશેષતા પણ



ટિળક મહારાજ અને વલ્લભભાઈમાં સમાન છે. ઉપરથી બન્ને જેટલા અભિમાની લાગે તેટલાં જ અંતરથી નિરભિમાની, ઉપરથી જેટલા રુક્ષ અને પુરુષ લાગે તેટલા જ અંતરથી સૌમ્ય અને મૃદુ, ઉપરથી જેટલા અટપટા અને અભેદ્ય લાગે તેટલાંજ અંતરથી સરળ અને ૠજુ, ઉપરથી જેટલા ઊંડા જણાય તેટલા જ બન્ને અંતરથી અળગા.''

દાંડીયાત્રાની તૈયારી માટે સરદાર લોકોને તૈયાર કરતા હતા ત્યાં જ રાસ મુકામેથી તેમની ધરપકડ થઈ ત્યારે ગાંધીજીએ આપેલા ભાષણમાં જણાવેલ કે, ''તેમને ગુજરાતની આશા કાં ન હોય ? મજૂરોની સેવા તેમણે ક્યાં નથી કરી ? પ્યાલાવાળાઓ, રેલ્વેના નોકરોએ તેમની પાસેથી ક્યાં સ્વરાજયના પાઠ નથી લીધા ? અમદાવાદના કયા શહેરીને ખબર નથી કે તેમણે પોતાનું સર્વસ્વ હોમીને શહેરની સેવા કરી છે ? શહેરમાં જ્યારે ત્યારે મરકી ફેલાઈ રહી હતી ત્યારે માંદાની સેવાને સારું ગોઠવણ કરનાર વલ્લભભાઈ, દુષ્કાળ વખતે દુષ્કાળિયાની વહારે ધાનાર વલ્લભભાઈ, મહાપૂર આવ્યું, લાખો ઘરબાર વિનાના થયા, ખેતરોના પાક તણાઈ ગયા, ત્યારે આખા ગુજરાતના સંકટનું નિવારણ કરવા સેંકડો સ્વયંસેવકો તૈયાર કરનાર, લોકોને સારું કરોડ રૂપિયા સરકાર પાસેથી  કઢાવનાર વલ્લભભાઈ, બારડોલીના વિજયને સારું જેમની ૠણી પ્રજાએ સરદાર તરીકે સંબોધ્યા તે વલ્લભભાઈ અને સંપૂર્ણ સ્વરાજયની છેલ્લી લડત લડવાને સારું પ્રજાને તૈયાર કરી રહ્યા હતા તે વલ્લભભાઈ. એ તો પોતાના કર્તવ્યનું પાલન કરતા કરતાં જેલમાં પહોંચ્યા.''

વાઈસરોય લોર્ડ ઈર્વિન સાથે સુલેહની વાટાઘાટો ચાલતી

હતી ત્યારે ગાંધીજીએ કહેલા શબ્દો, ''વેચેલી જમીનની બાબતમાં કશું ન બને તો મારે વાટાઘાટો તોડવી પડશે. આ બાબતમાં કોંગ્રેસ કારોબારીનો મેન્ડેટ લઈને હું આવ્યો છું. વળી સરદાર વલ્લભભાઈના તેજે હું તો ગુજરાતમાં પ્રકાશું છું. એટલે આ પ્રશ્નમાં તો મારે સરદારથી જ દોરવાવું જોઈએ જેમાં તેઓ સંમત ન થઈ શકે એવું સમાધાન મારાથી કબૂલ રાખી શકાય નહીં.''

ગાંધીજીએ વલ્લભભાઈ માટે જણાવેલ છે કે, ''વલ્લભભાઈ મને ન મળ્યા હોત તો જે કામ થયું છે તે ન થાત એટલો બધો શુભ અનુભવ મને એમનાથી થયો છે.''

દેશની એકતાના શિલ્પકાર તરીકે વલ્લભભાઈની ગણના કરતા સર્વપલ્લી રાધાકૃષ્ણન્ જણાવે છે કે, ''આઝાદી પછી સરદારે ભજવેલો ભાગ પણ એટલો જ નોંધપાત્ર છે. ૧૯૪૭ માં જ્યારે સત્તાની અદલાબદલી થઈ ત્યાર રાષ્ટ્ર છિન્ન ભિન્ન થઈ જશે અને દેશમાં સધ્ધર વહીવટીતંત્ર જાળવી રાખવાનું આપણે માટે અશક્ય બનશે એમ અનેક ટીકાકારો ધારતા હતા પરંતુ સરદારે લીધેલાં પગલાં વડે આ તમામ ટીકાકારો મૂંઝવણમાં પડી ગયા.

જો કે રાષ્ટ્રના ક્ષેત્રફળમાં દેશી રજવાડાઓનો બે પંચમાશ ભાગ હતો અને એમાં નવકરોડને ત્રીસ લાખ માનવીઓ વસતા હતા. તો પણ સરદારે કોઈપણ જાતની કડવાશ રાખ્યા વિના પોતાની કાર્યદક્ષતા અને વ્યવહારુ બુધ્ધિથી ભારતને એક બનાવ્યું. પહેલાંના અનેક રાજવીઓ આજે રાષ્ટ્રની સેવા બજાવી રહ્યાં છે અને ભારતના દેશભક્ત નાગરિકોની જેમ કાર્ય કરી રહ્યા છે. આ માટેનું બધું જ માન સરદારને ફાળે જાય છે.''



ઉપરોક્ત મંતવ્યો પરથી સરદાર કેટલા મહાન હતા. તેનો ખ્યાલ આવે છે. નેતાગીરીનો આગવો આદર્શ ધરાવતા સરદાર માટે ચન્દ્રવદન મહેતાએ ગણાવેલા લક્ષણો જોવા જેવા છે. બત્રીસ લક્ષણા પુરુષ માટેના લક્ષણો વિશે માહિતી મેળવ્યા પછી તેમણે શારીરિક લક્ષણોને સ્થાને ગુણોની યાદી બનાવી અને તેમાંથી કેટલાં સરદારને લાગુ પડે છે તે વિચાર્યું અને કહ્યું કે, ''મારા મને નીચે જણાવેલા લક્ષણોમાંથી મોટાભાગનાં એમને લાગુ પડશે : વ્યવહારદક્ષ, કાર્યદક્ષ, કર્મવીર, કૃતનિશ્ચયી, વ્યવસ્થા શક્તિમાન, દૃઢમન, દીર્ઘ દૃષ્ટિવાન, ઉત્સાહી, વીર, નિર્ભય, સહનશીલ, ધૈર્યવાન, શ્રધ્ધાવાન, ગંભીર, શાંત, સંયમી, ઉદાર, વિનયી, વિવેકી, મિતભાષી, પ્રામાણિક, કૃતજ્ઞ, બહુશ્રુત, જ્ઞાની, ચતુર, દાનવીર, ક્ષમાશીલ, પ્રેમાળ, ગુરુભક્ત, ધર્મપરાયણ, નિષ્કામી, નિર્મોહી, ત્યાગી - આમ હું બત્રીસ લક્ષણો સુધી પહોંચ્યો. તેમાં કેટલાંક એક જ ગુણનાં વિવિધ પડખાં પણ હશે. સરદારના વ્યક્તિત્વમાં આ બધાં જ લક્ષણો જોવા મળે છે.''

સરદારના આટલા લક્ષણો તેમના વ્યક્તિત્ત્વની સાથે નેતૃત્વ શૈલીને પણ લાગુ પડે જ છે.

વિષ્ણુ પંડ્યાના શબ્દોમાં, ''.... પણ સરદારના લોખંડી નેતૃત્ત્વનું રહસ્ય શું ? બેશક પ્રજા તરફી સંવેદના. પણ ગલત કામમાં પ્રજાને નહીં નમવાની ત્રેવડ. દુશ્મનની છાવણીમાં જઈને સાચે સાચું કહેવાનું સાહસ, સત્તા માત્ર અને માત્ર - સેવાનું સાધન. વ્યક્તિગત જીવનમાં પારદર્શી સાદગી.''

સરદાર ખરેખર આદર્શ નેતા હતા. તેમના ગુણોને ગણવા

બેસીએ તો ગણ્યા ગણાય નહીં વીણ્યા વીણાય નહીં. તેટલાં ગુણો છે. ગુણોનો કોઈ પાર નથી. તેમના ઋણમાંથી મુક્ત થવાનું આપણું ગજું કેટલું ? તે વિચારવું જ રહ્યું. સરદાર જેવા નેતા આજે શોધ્યા પણ જડે તેમ નથી. દેશભક્તિ સિવાયની બીજી કોઈ બાબત તેમને સ્પર્શી નથી. દેશ માટે સર્વસ્વ હોમી દેનાર સરદારે પાડેલા ચીલામાંથી એકાદ ચીલે ચાલી શકીએ તો ય ભારતનું ભાવિ ઉજળું બને તેમ છે.

❖ ❖ ❖



## ૨. શિક્ષણ વિશે સરદારના વિચારો

ચરોતર એટલે નરરત્નોની ખાણ. ત્યાગી, વિચક્ષણ, વિલક્ષણ, વિચારવંત માનવરત્નોની ખાણ. આ ખાણમાં એક સાચું મોતી પાક્યું. જેનું નામ વલ્લભભાઈ પટેલ. ૩૧ મી ઓક્ટોબર ૧૮૭૫ ના મંગલમય દિવસે ખેડા જિલ્લાના નડીયાદ (મોસાળમાં) મુકામે પિતા ઝવેરભાઈ અને માતા લાડબાની કૂખે અવતરેલા વલ્લભભાઈનું મૂળ ગામ કરમસદ. વલ્લભભાઈ એટલે ચરોતરનો કોહિનૂર હીરો. જે આજે 'સરદાર' - ના હુલામણા નામથી ભારતના ઘરઘરમાં ઝગમગે છે.

ગરીબ ખેડૂતના પાંચ છોકરાઓમાંનો એક છોકરો એટલે વલ્લભભાઈ. ગામમાં નિશાળ નહીં એટલે પેટલાદ, નડીયાદ, વડોદરા એમ રખડી રખડીને ભણ્યા. વકીલ થવાની ઈચ્છા પણ પૈસા નહીં. શું કરે ? માગી માગીને પુસ્તકો મેળવી. હાઈકોર્ટ પ્લીડરની પરીક્ષા પાસ કરી, વકીલ બન્યા. વકીલાત કરી, પૈસા ભેગા કરી, વિલાયત જઈ બેરિસ્ટર બન્યાં. સતત સંઘર્ષ કરીને ઉછરેલા વલ્લભભાઈનું વ્યક્તિત્ત્વ પણ વિલક્ષણ જ. સરદાર એટલે વ્રજતા, વીરતા, વિચારશીલતા, કોમળતા, કઠોરતા, ક્રિયાશીલતા, ધીરતા, ખડતલતા, એકાગ્રતા, અભ્યાસશીલતા, સંયમતા, શૌર્યતા, ચતુરતા અને રાષ્ટ્રીયતાનો અનોખો ઝરો. તેમનું વ્યક્તિત્ત્વ સદાય સૌને માટે પ્રેરણારૂપ બની રહે તેવું યશસ્વી અને તેજોમય.

સરદાર જન્મે ખેડૂતપુત્ર હોવાથી ગરીબાઈનો સામનો કરેલો. વ્યવસાયે વકીલ બન્યા. વકીલાત કરી સુખી જીવન જીવવાની

મહેચ્છા. મહેચ્છા ખરી પણ માતૃભૂમિની હાકલ પડતાં જ માંહ્યલો જાગી ગયો અને તેઓ સ્વાતંત્ર્ય યજ્ઞમાં જોડાયાં. સ્વાતંત્ર્ય યજ્ઞના અગ્રણી ઋષિ બની રહી ભારતને સ્વતંત્ર કરવાનુ કાર્ય કરી શક્યા. મૂળ કાર્ય સ્વાતંત્ર્યનું પણ ગાંધીજીના વિચારોના અમલકર્તા વલ્લભભાઈ ભારતના ઘડવૈયા પણ બની રહ્યા. સ્વતંત્ર ભારત કેવું હોવું જોઈએ તેની વિચારધારામાંથી સર્જાયા અનેક કાર્યો. આ અનેક કાર્યોમાંનુ એક કાર્ય શિક્ષણનું. ૧૯૨૦-૨૧ ની અસહકારની લડત શરૂ થતાં જ સરકારી શાળાઓનો બહિષ્કાર કરવા વિદ્યાર્થીઓને હાકલ થસ. ઘણાં વિદ્યાર્થીઓએ સરકારી શાળાઓ છોડી દીધી. સરકારી-અંગ્રેજી શિક્ષણનો ત્યાગ કર્યો. આ વિદ્યાર્થીઓના શિક્ષણનું શું ? જેમાંથી સ્ફૂર્યું સ્વદેશી શિક્ષણ, બુનિયાદી શિક્ષણ, નઈ તાલીમ. શિક્ષણના પ્રચારક અને પ્રસારક તરીકે વલ્લભભાઈએ ગૂજરાત વિદ્યાપીઠ, વિદ્યાવિહાર (અમદાવાદ) વિઠ્ઠલકન્યા વિદ્યાલય (નડીયાદ) વલ્લભ વિદ્યાલય (બોચાસણ) સ્વરાજ્ય આશ્રમ (વેડછી) ભીલ સેવા મંડળ (દાહોદ) શાળા (રાસ) વગેરે સંસ્થાઓના સર્જન એ વિકાસમાં રસ લીધો હતો. જેમાં સરદારશ્રીના વિદ્યાનુરાગના દર્શન થાય છે.

કોંગ્રેસ પક્ષના સરકાર સામેના અસહકારના ઠરાવથી રોષે ભરાયેલી સરકારે ઈ.સ. ૧૯૨૨ માં અમદાવાદ મ્યુનિસિપાલિટીના સસ્પેન્ડ કરી. સરદારે લોકફાળો એકત્ર કરી ‘લોક પ્રાથમિક શિક્ષણ સમિતિ’ની સ્થાપના કરી. સમિતિના ઉપક્રમે મ્યુનિસિપાલિટી હસ્તકની શાળાઓ ચલાવી હતી. તે જ રીતે ઈ.સ. ૧૯૨૨ માં ગૂજરાત વિદ્યાપીઠના મકાન માટે દસ હજાર રૂપિયાનો ફાળો એકત્ર કર્યો હતો. શિક્ષણની સંસ્થાઓના સર્જન અને વિકાસની સાથોસાથ



શિક્ષણની જવાબદારીના કાર્યોને કારણે તેઓ અનૌપચારિક શિક્ષણના એક ભાગરૂપે જાણે-અજાણ્યે એક પ્રકારની શૈક્ષણિક પ્રક્રિયામાંથી પસાર થતા ગયા હતા. સંસ્થાઓ અને તેની સાથે સંકળાયેલા કાર્યકરોને જરૂર પડે માર્ગદર્શન આપવા માટે લખાયેલા પત્રો, સંસ્થાઓના કાર્યક્રમોમાં આપેલા ભાષણો અને સામયિકોમા લખેલા લેખોના પરિણામ સ્વરૂપ નિપજ્યું શિક્ષણ ચિંતન. સરદારે શિક્ષણ વિષયક પુસ્તક લખ્યું નથી કે એક સામટા વિચારો દર્શાવ્યા નથી. પરંતુ તેમણે આપેલા ભાષણો, લખેલા પત્રો અને લેખોમાંથી છૂટાછવાયા શિક્ષણ વિષયક વિચારો પ્રાપ્ય બન્યાં છે તે એક શિક્ષણવિદ્‌ના વિચારો જેટલાં જ મહત્ત્વનાં છે.

“કેળવણીએ ફિલસૂફીની વ્યવહારુ બાજુ છે. ક્રિયાત્મક બાજુ છે. ગત્યાત્મક બાજુ છે.” જેમ્સ રોસના આ કથનની સ્પષ્ટતા કરતાં મ.શિ. પટેલ કહે છે કે, “દરેક માણસ પાસે પોતાના જીવનની આગવી ફિલસૂફી હોય છે. ભિન્ન ભિન્ન જીવન પ્રણાલીઓમાં જીવનની ભિન્ન ભિન્ન ફિલસૂફીઓ ઉદ્‌ભવે છે. જીવનની ફિલસૂફી ધરાવનાર માણસ બીજાઓ પર પોતાની અસર પાડવાનો તથા તેમને પોતાની દૃષ્ટિના કરવાનો પ્રયાસ કરે એ સ્વાભાવિક છે. જાણે અજાણ્યે આ રીતે બીજાઓ પર અસર પાડવાની અને તેમનામાં પલ્ટો લાવવાની આ પ્રક્રિયા કેળવણી છે. ” આ દૃષ્ટિએ વિચારીએ તો વલ્લભભાઈ પણ એક ચિંતક હતા. મહાત્મા ગાંધીના કેળવણી વિષયક વિચારોને ક્રિયાન્વિત કરનારા, નૂતન ભારતના ઘડતર માટે તેમાંય વિશેષ ગામડાંઓને બેઠા કરવાના ઉચ્ચ ધ્યેયો સાથે કાર્યો કરનારા વલ્લભભાઈ એ કર્મઠ દર્શનકાર હતા. વલ્લભરૂપી ચેતનામય ઝરામાંથી સ્ફુરેલા વિચારરત્નોમાંથી શિક્ષણ વિશેના

વિચારોનું રસપાન કરીએ.

સરદાર કેળવણીની વિભાવના આપતાં હોય તે રીતે જણાવે છે કે, ‘‘કેળવણી એવી હોવી જોઈએ કે વિદ્યાર્થીનું મન ખીલે, એનું શરીર ખીલે, એનાં આત્માનો વિકાસ થાય.’’

‘‘આજે જે કેળવણી આપવામાં આવે છે એ પોપટના જેવી છે. એમાં વિદ્યાર્થીના દિલનો અને શરીરનો એક તાર નથી થતો, નથી એનો માનસિક કે શારીરિક વિકાસ થતો.’’

‘‘તમે કદી ખેતરમાં કામ કરતાં મટો નહીં, ખેતરમાંથી તમને કોઈ ખેંચી લઈ જઈ ન શકે એવી કેળવણી તે સાચી કેળવણી.’’

‘‘બાળકો હાથપગ ચલાવતા નથી તેથી તે ભણી રહે ત્યારે એનાથી કંઈ થતું નથી.’’

સરદાર સ્વાવલંબી, સ્વાશ્રયી, ક્રિયાત્મક કેળવણીના પક્ષકાર હતા. કેળવણી તન-મનની સુસંગતતા ન સાધે તો તેનો કોઈ અર્થ નથી. શ્રમનિષ્ઠ જ્ઞાન દ્વારા જ વિદ્યાર્થીની મનુષ્યત્ત્વ અંગેની સભાનતા કેળવાય છે. દુન્યવી વ્યવહાર કેળવવામાં વ્યવહારિક બાબતો પર પ્રભુત્ત્વ મેળવવામાં કેળવણીનું પ્રદાન હોવું જોઈએ. મન અને તન એક તાર બને તેવી કેળવણીના તેઓ હિમાયતી હતા. કારણકે માનવ નિર્માણનું કાર્ય કેળવણી દ્વારા જ થઈ શકે.

સરદાર ‘તાલીમ’ અંગે જણાવતાં કહે છે કે, ‘‘તાલીમનો અર્થ જ એ છે કે આકરામાં આકરા હુકમ અપમાન લાગે તો પણ ઉઠાવી શકે અને પછી વિનયથી પોતાને જે કહેવું હોય તે કહે.’’ વ્યક્તિને સ્વતંત્રતાની સાથે વિનય ચૂકવાનો નથી સ્વચ્છંદતા તરફ ઢળી જવાનું



નથી. સુધારા સૂચવી શકાય પણ એક તબક્કે તમને જે બતાવાય છે તેમ કરો અને પછી તે યોગ્ય છે કે નહીં, તેનો વિચાર કર્યા પછી સુધારા સુચવો તે યોગ્ય છે. તેઓ તાલીમને શિક્ષણનો એક ભાગ સમજી વિદ્યાર્થી નિયમ પાલક હોવો જોઈએ તેવો આગ્રહ રાખે છે.

સ્વાશ્રયી અને સ્વાવલંબનની કેળવણી પુસ્તકીય કેળવણી કરતાં વધુ મહત્ત્વની છે. તેવી તેમની દૃઢ માન્યતા હતી. તેઓ કહે છે કે, ‘‘પુસ્તકીય કેળવણીની પરવા ન કરો, એવા માણસો ખૂબ મળે છે.’’ જીવનની કેળવણીને અને અનુભવજન્ય કેળવણીને ઉત્તમ ગણાવતાં તેઓ જણાવે છે કે ‘‘ડીગ્રી મેળવેલા મારી પાસે ઘણા આવે છે. ડીગ્રી અને ન ડીગ્રીવાળા બન્ને ભટકે છે.કારણકે જગતની ડીગ્રી વગર બધુ નકામું છે.’’

‘‘દુનિયા એ જબરજસ્ત વિદ્યાલય છે. એ મહાવિદ્યાલયની ડીગ્રી ઝટઝટ મળતી નથી.’’

‘‘દુનિયામાંથી (જીવનમાંથી) ઘણું શીખવાનું છે, જે શીખે તે સાચો જ્ઞાની. પુસ્તકીયા કીડા કરતાં અનુભવોથી કેળવાયેલો ઉત્તમ છે.’’ આથી અનુભવો આધારિત શિક્ષણના તેઓ પક્ષકાર છે અનુભવવિહીન શિક્ષણના તેઓ પક્ષકાર નથી.

સરદાર શિક્ષણના હેતુ વિશે કહે છે કે, ‘‘શિક્ષણનો હેતુ શાળા અને ગામને એકબીજાને પૂરક બને એવો, બન્નેને એકતાર કરનાર હોવો જોઈએ.’’

‘‘રાષ્ટ્રીય કેળવણીનો ઉદ્દેશ, ખેડૂત છોકરાઓ બાપની વિદ્યા ભૂલી ન જાય અને પાછા ગામડામાં જઈને રહે એ છે.’’

શિક્ષણ દ્વારા શાળા અને ગામ એકસૂત્ર બને ? ક્યારે ? જ્યારે શાળામાં ગ્રામ્યજીવન આધારિત શિક્ષણ હોય ત્યારે. ભણેલો વ્યક્તિ ગામ અને બાપની વિદ્યાને ભૂલ્યા વિના ગ્રામ નિર્માણ કરે તો જ સમાજનિર્માણ, રાજ્યનિર્માણ અને રાષ્ટ્રનિર્માણ થઈ શકે. સરદારના વિચારો મુજબ જે શિક્ષણમાં શ્રેષ્ઠ ચિંતન હોય, સ્વદેશપ્રેમ હોય, સૃષ્ટિનું સૌન્દર્ય નિરખવાની દૃષ્ટિ હોય, આત્મૈક્ય હોય, જીવનની વાસ્તવિકતા હોય, સત્યનું દિવ્ય તેજ હોય, તેવું શિક્ષણ કે જે પ્રગતિના સાચા માર્ગે દોરી, વાસ્તવિકતાનો ખ્યાલ આપી, નિરંતર ઉત્સાહ,પ્રેરણા, સંતોષ અને આનંદ આપી જીવનનું ઉત્થાન કરતું હોય તેવું પ્રેરણાત્મક શિક્ષણ એજ સાચું શિક્ષણ છે.

સરદાર મૂલ્યપાલક, મૂલ્ય વાહક અને મૂલ્ય સંરક્ષક હતા. શિક્ષણે દેશની મહામૂલી સંસ્કૃતિનું રક્ષક બની રહી, સંસ્કાર સર્જન દ્વારા સંસ્કૃતિનો પિંડ રચવાનો છે. આ જીવનદર્શનના ફળરૂપ તેમને મન સાચી કેળવણી તો સંસ્કાર આપે તે જ ગણાય. તેઓ જણાવે છે કે, “કેળવણી બે પ્રકારની છે, એક કેળવણી માણસની માણસાઈ લઈ લે છે, બીજી માણસને માણસાઈનું ભાન કરાવે છે, એક માણસને મદમાં ચકચૂર કરે છે, બીજી માણસને પુરુષ અને સ્ત્રીને તેના ધર્મ પ્રત્યે જાગૃત કરે છે. આ બીજી તે જ સાચી કેળવણી.”

વલ્લભભાઈને મન કેળવણી એટલે વ્યક્તિને ચારિત્ર્યવાન બનાવે તેવી પ્રક્રિયા. કેળવણી એટલે ચારિત્ર્યના નિર્માણ માટેની દૃષ્ટિ તથા નિષ્ઠાના, બુદ્ધિ તથા હૃદયના સમતોલ સંયોજનપૂર્વકની જીવનઘડતરની પ્રક્રિયા. ચારિત્ર્યશીલ સરદાર કહે છે કે,

“આખરે છાપ તો આપણા ચારિત્ર્યની જ પડવાની છે.”



“ચારિત્ર્ય વિનાનું ભણતર કશા કામનું ન ગણાય”

“અભ્યાસમાં જેટલા ખંતથી કામ કરો છો તેવી જ રીતે તમારું ચારિત્ર્ય ઘડવામાં ને શારીરિક બળ કેળવવામાં પૂરતું ધ્યાન આપશો તો વખત આવ્યે તમને રસ્તો મળી રહેશે.”

“તમે એક પણ ચોપડી ન વાંચો તો ચાલે, ચારિત્ર્ય ખીલ્યું હશે તો બુધ્ધિ તો ખૂબ ખિલવાની છે. ચોપડીઓ વાંચનારા હંમેશ સાચા ચારિત્ર્યવાન હોય છે એમ પણ નથી. વિદ્યાવિલાસીઓ ચારિત્ર્યમાં પડેલા હોય છે. તેઓ ભોગવિલાસી હોય છે. એવો મારો અનુભવ છે.

ચારિત્ર્ય હોય તો બધું છે. ચારિત્ર્ય વિના કંઈ જ પ્રાપ્ત થતું નથી. કારણ ચારિત્ર્યવાન એટલે કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સર જેનામાં નથી તેવી વ્યક્તિ. ચારિત્ર્યશીલ વ્યક્તિ પ્રામાણિક, પ્રેમાળ, દયાળુ, નિષ્ઠાવાન, મહેનતુ, વિશ્વાસુ, સંપીલો, વિવેકી, સેવાભાવી, હિંમતવાન જેવા ગુણો ધરાવતો હોય છે. વલ્લભભાઈની દૃષ્ટિએ ચારિત્ર્ય એટલે માણસાઈની, માનવતાની પરાકાષ્ઠા, સમ્પૂર્ણતા. તેમની દૃઢ માન્યતા હતી કે ચારિત્ર્યવાન માણસ વગર માનવતાવાદી સમાજ બની ન શકે. સરદાર મૂલ્યોના મૂલ્યને પકડી મૂલ્યપાલક માનવનું નિર્માણ કરવા કેળવણીએ કેળવાવું જોઈએ તેમ આગ્રહ રાખે છે. તેઓ સુન્દરતમ શ્રેષ્ઠ સાધક જીવન જીવવા માટે કૌટુંબિક, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ભાવનાની સમજ કેળવી ચારિત્ર્યશીલ માનવ બનાવવા માનવીના હૃદયની ગહનતામાં બીજરૂપે પડેલા મનુષ્યત્ત્વને વિકસાવવાનો માર્ગ શિક્ષણે ચીંધવો જોઈએ તેમ માને છે. માણસના બધા જ સદ્ગુણોની

ખિલવણી - વિકાસ થાય તો જ માણસ સંસ્કારી કે શિક્ષિત થયો કહેવાય. તેઓ વિદ્યાર્થીઓને સલાહ આપે છે કે,

"પહેલું ભણતર એ છે કે, સભ્યતાથી બોલતા શીખવું."

"તમારા કાન પણ સભ્યતા શીખે, નિંદા સાંભળવામાં ન ટેવાય, એ ધ્યાન રાખશો."

"તમારા આંખ-કાન દુનિયામાં જે ચાલે છે, તેની સામે બંધ નહી કરી શકો અને બંધ કરશો તો ભણતર નકામું જશે.

વિદ્યાર્થી સભ્યતા શીખે, વિનયી બને, ઈન્દ્રિયોને કેળવે તો જ તેણે સાચું શિક્ષણ મેળવ્યું કહેવાય. તેઓ એકલવ્યને આદર્શ વિદ્યાર્થી કહીને જણાવે છે કે, "જેટલી વિદ્યા એણે મેળવી હતી એટલી દ્રોણાચાર્યના બીજા કોઈ શિષ્યે મેળવી નહોતી. એનું શું કારણ ? કારણ એ છે કે ગુરુ પ્રત્યે ભક્તિ હતી, શ્રધ્ધા હતી, એનું દિલ સ્વચ્છ હતું, એનામાં લાયકાત હતી."

આજનો વિદ્યાર્થી સરદારની વાત સમજે તો તે પણ તરી જાય તેમ છે. શારીરિક શ્રમની પ્રતિષ્ઠા થવી જોઈએ. શ્રમએ માનવી માત્રનો દૈવી અધિકાર છે માટે જીવનમાં ઉત્પાદક શ્રમને સ્થાન હોવું જોઈએ. શારીરિક શ્રમ વિના માનવીનો દેહ, તેનું મન અને આત્મા સ્વસ્થ રહી શકે નહીં. માટે જ તેઓ વિદ્યાર્થીઓને કહે છે કે,

"જગતમાં તમારે તરવું હોય તો હાથ પગ પર ભરોસો રાખો, મહેનત સાથે મહોબ્બત રાખો. જેનું શરીર કેળવાય તેનું મગજ પણ સાથો સાથ ખીલે છે."

"શાળાઓમાં કે કોલેજોમાં અભ્યાસ કરતી બહેનોએ



મોજશોખની નહીં પણ મહેનત કરવાની ટેવ પાડવી જોઈએ."

"એકલો બુધ્ધિનો વિકાસ નકામો છે. તેનાથી જગતને ફાયદો નથી."

વિદ્યાર્થી જ્ઞાન અને કર્મની સાથે મન અને તનનો સમન્વય કરે, મન અને તનને કેળવે, ગુરુ પ્રત્યે શ્રધ્ધા રાખે, હૃદય નિર્મળ બનાવે, લાયકાત કેળવે તે આજની જરૂરિયાત છે. આ લક્ષણો ધરાવતો વિદ્યાર્થી જ શિક્ષણનો ઉપાસક બની શકે તેવું સરદારના વિચારોનું તાત્પર્ય જણાય છે.

બાળક એ પરમાત્માનું શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ એવુ સ્વરૂપ છે. એવા સુંદર સ્વરૂપને સંસ્કારનો ઓપ આપવાનું શ્રેષ્ઠ પવિત્ર કર્મ શિક્ષકના શિરે છે. શિક્ષકે આ કર્મને અનુરૂપ સક્ષમતા કેળવવી પડે. "કૂવામાં હોય તો હવાડામાં આવે" તે કહેવત અનુસાર શિક્ષક સક્ષમ હોય તો વિદ્યાર્થી પણ સક્ષમ બની શકે. શિક્ષકોને સરદાર જણાવે છે કે,

"જેને માટલાં ઘડવાનાં નથી પણ માણસ ઘડવાનાં છે એને કોઈપણ પ્રકારનું વ્યસન ન હોવું જોઈએ."

"શિક્ષકે કોઈપણ પ્રકારનું વ્યસન નહીં રાખવું જોઈએ. વ્યસન એ ધનિકોના પાખંડ છે. દુર્બળ માણસોના લક્ષણ છે."

"જ્યાં તમે હો ત્યાં ગામ કુંદન જેવું સ્વચ્છ હોવું જોઈએ. આજે ગામડામાં જે આળસ છે, એબો છે તે દૂર કરવાની છે."

"તમારા પોતાનામાં જે નબળાઈઓ હશે તેની છાપ છોકરાં ઉપર પડ્યા વગર રહેવાની નથી."

''શિક્ષકે પોતાનું જીવન જેટલું બને તેટલું નિર્મળ કરવું જોઈએ.''

''શિક્ષક ઓછું કે પાતળું શિક્ષણ આપી શકે ભલે, પણ એના ચારિત્ર્યનો પ્રભાવ પડતો હોય તો તે ઘણું કરી શકે.''

સરદારના મતે શિક્ષક નિર્વ્યસની, સ્વચ્છતાનો આગ્રહી, ગુણવાન, નિર્મળ, ચારિત્ર્યવાન હોવો જોઈએ. શિક્ષકનું જીવન સમાજમાં સ્તંભરૂપ અને પ્રતિષ્ઠિત હોવું જોઈએ. તેના આદર્શોની છાપ બાળકરૂપી અરીસામાં પડવાની છે. બાળક આવતીકાલનો નાગરિક છે. આ નાગરિકને ઘડવાનું કાર્ય શિક્ષકનું છે. શિક્ષકે માણસ ઘડવાના છે. માનવને માનવ બનાવવાનો છે. વિનોબા ભાવે કહે છે કે, 'આચરે તે આચાર્ય, તેમ શિક્ષકે પ્રથમ આચરણ કરવું પડશે. આદર્શો, નિયમોના આચરણવાળો શિક્ષક સફળ થઈ શકે.

સરદાર શિક્ષકનો મોભો - દરજ્જા વિશે હંમેશા ચિંતાતુર હતા. પણ તેઓ આ માન-મોભો, દરજ્જો શિક્ષક પોતે જ પોતાના થકી મેળવી શકે તેમ છે. તેમ માનતા હતા. તેઓના શબ્દોમાં આ બાબત જોઈએ.

''ગામની અંદર કંઈપણ સવાલ વિશે સલાહ લેવી હોય તો પહેલાં લોકો શિક્ષકને ત્યાં જતાં પણ તમે દુઃખ ન લગાડો તો હું કહું કે શિક્ષકને આજે તો વિદ્યાર્થીને ભણાવવાની પણ પડી નથી. વેઠિયું કામ થઈ ગયું છે. અને એથી સમાજને પણ શિક્ષકની પડી નથી. સ્વતંત્ર હિન્દુસ્તાનમાં એવું નહીં થવું જોઈએ. સ્વતંત્ર હિન્દુસ્તાનને તાલીમ આપવાની ચાવી તમારા હાથમાં છે. સમાજમાં તમારો દરજ્જો, માન વધે એવું તમારું વર્તન હોવું જોઈએ. શાળામાં ચાર-પાંચ કલાક માત્રની વેઠ ઉતારે એ શિક્ષક નથી.''



''તમે તો કામદાર વર્ગના માણસો નથી તમારા પોતાના આગેવાન તમારા શિક્ષક વર્ગમાંથી હોય. તમે કંઈ મજૂર નથી. તમારે તમારું મગજ ચલાવવું જોઈએ. તમારો દરજ્જો એ કીંમતી વસ્તુ છે. એ સંપાદન કરો. શિક્ષકમાં કંઈક દરજ્જે ઉધ્ધતાઈ આવી છે. શિસ્ત રહી નથી. હડતાળના પવનથી શિસ્તપાલન ઓછું થતું જાય છે. ''

''શિક્ષક પોતે પોતાના ધંધાને જે સ્થાન મળવું જોઈએ એ આપવા પ્રયત્ન નહી કરે તો સરકાર કાંઈ નહીં કહી શકે. સમાજ કાંઈક મદદ કરી શકે. પણ મુખ્ય વાત શિક્ષકના હાથમાં છે. માન અને આબરૂ કોઈની આપી અપાતી નથી. પોતાની લાયકાત પ્રમાણે મળે છે. અસલના જમાનામાં શિક્ષકો આવાં મકાનોમાં નહોતા ભણાવતાં. પણ સારી પેઠે માન મરતબો ભોગવતા. અત્યારે તો શિક્ષકોનું મોટેભાગે ધ્યાન ખેંચાયું છે એમના પોતાના તરફ એ કેટલે દરજ્જે યોગ્ય છે એ હું નહીં કરી શકું.''

શિક્ષકોએ માન-મરતબો મેળવવા શું કરવું જોઈએ તે અંગેનું વધુ માર્ગદર્શન આપતા તેઓ જણાવે છે કે,

''પણ તમારે તો જયાં માનભંગ થતો હોય ત્યાંથી હઠી જવાનું છે. સાચો સ્નાતક આજે તો રવિશંકર છે. જેની પાસે ગામડાઓમાં કેળવણી શી રીતે આપવી તે માટે ભલભલા કેળવણીકારો પૂછવા આવે છે જે લોકો પાસે પૈસા નથી અથવા પહેરવાને કપડા કે ખાવાને ખોરાક નથી અને જયાં હજારો લોકો ચોરીઓ કરે છે. તેમનાં બાળકોને બચાવી લેવાનું સહેલું નથી. દુનિયાનો સાચો સ્નાતક શું કરે છે તે જોવા પંદર દિવસ તો તેની પાસે જાઓ. તેની એક જ ડિગ્રી છે અને

તે ચારિત્ર્યની ! એ ચારિત્ર્ય તો વિદ્યાપીઠની જડમાં જ પડેલું છે. તેનું ભાથું બાંધ્યુ હોય તો ડરનું કોઈ કારણ નથી. જેઓ એમ માનતા હોય કે પેઢીઓ કે એવી જગ્યાઓએ તેમની કદર નથી થતી તો એમણે જાણવું જોઈએ કે તેમની પોતાની જ કીંમત કાંઈક કારણથી ઓછી છે.''

સરદારની માન્યતા પ્રમાણે શિક્ષક પોતે જ પોતાના ઉધ્ધારક બની શકે છે. વ્યક્તિની આબરુ- માન-મોભો બધું વ્યક્તિ પર આધારિત છે. ચારિત્ર્યશીલ, નિર્વ્યસની, મહેનતુ, ગુણવાન, નિર્મળ, આદર્શોનો પાલક, સ્વકાર્યરસિક, સમાજઉધ્ધારક, શિસ્તબધ્ધ, વિદ્યાર્થીપ્રિય, વિષયનિષ્ણાત, શિક્ષણ પધ્ધતિ-પ્રયુક્તિઓના જાણકાર અને અમલકર્તા શિક્ષક જ સમાજમાં પોતાનું સ્થાન જાળવી શકે છે. સ્વદોષ વાળો શિક્ષક સમાજમાંથી સ્વસ્થાન ગુમાવે છે.

શિક્ષક સમાજના ઉત્કર્ષ માટે છે. સમાજનો ઉત્કર્ષ થાય તો જ રાષ્ટ્રનો ઉત્કર્ષ થશે. સમાજનો ઉત્કર્ષ સમાજના બધાં માણસોના ઉત્કર્ષ સાથે સંબંધિત છે. સમાજમાં ભેદભાવો પ્રવર્તતા હોય ત્યારે સમાજનો ઉત્કર્ષ સંભવી શકે ખરો ? સમાજના અમુક માનવોને શિક્ષણથી વંચિત, જ્ઞાનથી વંચિત રાખવાથી સમાજ વિકસતો નથી. શિક્ષણનું કાર્ય આ સમાજના વિકાસ અર્થે માનવનો વિકાસ કરવાનો છે. આ માટે તેને કેવું જ્ઞાન થવું જોઈએ તે જણાવતાં કહે છે કે,

''માણસમાં એક ચિનગારી પડી છે. એને જગતનું જ્ઞાન અને જગતના સરજનહારનું જ્ઞાન થવું જોઈએ. એવું જ્ઞાન થાય તો એક માણસ ઊંચો અને એક માણસ નીચો નહીં લાગે. જેણે ઈશ્વરની ઓળખાણ કરી તેને તો જગતમાં કોઈ અસ્પૃશ્ય નથી; તેને ઉંચનીચના ભેદ નથી.''



મનુષ્યમાં જ્ઞાન તો સમાયેલું જ છે. તેને પ્રજ્વલિત કરવાનું કાર્ય શિક્ષણનું - શિક્ષકનું છે. શિક્ષક સરજનહાર સમીપે રહે તો માનવ ઉત્કર્ષ થાય, સમાજ ઉત્કર્ષ થાય અને રાષ્ટ્ર ઉત્કર્ષ થાય તેમ સરદારશ્રીનો વિચાર નિષ્કર્ષ છે.

કેળવણી કઈ ભાષામાં ! તે પ્રશ્ન આજે ય ચર્ચાય છે. અંગ્રેજીભાષાનું સર્વને ઘેલું લાગેલું છે ત્યારે સરદારશ્રીના વચનો વાંચો.

''કેળવણી માતૃભાષામાં જ (આપવી) જોઈએ.''

''પરદેશી ભાષાના વાહનથી કેળવણી આપવાની પધ્ધતિથી આપણા જવાનોની બુધ્ધિ વિકાસમાં મોટી મુશ્કેલી ઉભી થાય છે.''

''કેળવણી પારકી ભાષામાં અપાય છે, ત્યારે શબ્દો યાદ રાખવાનો બોજો વિદ્યાર્થીના મગજ પર પડે છે. એટલું જ નહીં વિષયને સમજવામાં પણ તેને મુશ્કેલી પડે છે.''

''એ તો ખુલ્લું છે કે જ્યાં ગોખવાની શક્તિ વધે છે ત્યાં સમજવાની શક્તિ મંદ પડી જાય છે.''

સરદાર માતૃભાષામાં શિક્ષણ અપાય તેના પક્ષકાર હતા પરંતુ બીજીભાષાઓ શીખવી જોઈએ તેવું પણ કહેતા હતા. તેમણે કહ્યું છે કે,

''દેશી ભાષાને કેળવણીનું વાહન બનાવવાનો અર્થ એવો નથી થતો કે વિદેશી ભાષાઓ આપણે શીખવી નથી યા તો શીખવવી નથી. આધુનિક દુનિયામાં કોઈપણ મુલક પોતાના ચાર સીમાઓની અંદર પુરાઈ રહીને એકલો પોતાની બધી જરૂરીયાતો પૂરી કરવા સમર્થ નહીં થાય. તેને બીજા મુલકે સાથે સંપર્ક રાખ્યા

વિના છૂટકારો નથી. આવા સંપર્કને સારું વિદેશી ભાષાઓ જાણવી જરૂરી છે.''

માતૃભાષા દ્વારા શિક્ષણ આપવાની સાથે વિદેશીભાષા - અન્ય ભાષાઓ પણ શીખવી જોઈએ. કારણ વિદ્યાર્થીએ પોતાનો વિકાસ કરવો હોય સાથો સાથ રાષ્ટ્રનો વિકાસ કરવો હોય તો; કૂવામાંના દેડકા બની રહેવું ન હોય તો, બીજીભાષાઓ પણ આવડવી જોઈએ. અન્યભાષાની જાણકારી જ્ઞાન મેળવવામાં, પ્રત્યાયત માટે, સંપર્કો વધારવા માટે, વિકાસની તકો વિકસાવવા માટે ઉપયોગી બને તેવું સરદારના વિચારોની ફલશ્રુતિ છે.

સરદારના શિક્ષણ વિશેના ચિંતનના નિષ્કર્ષમાં તરી આવતું કેન્દ્રબિંદુ જીવનકર્મ છે. વ્યક્તિના શરીર, મન અને આત્માનો વિકાસ થાય, તો જ શિક્ષણનો પંથ ઉજ્જવળ બની રહે. માણસોને સ્વાતંત્ર્યની પ્રાપ્તિ શિક્ષણ દ્વારા જ થઈ શકે. પણ શરત એટલી કે શિક્ષણનું ધ્યેય ચણતર કરવાનું હોય. સ્વાતંત્ર્યના ધ્યેયવાળી સભ્યતાનું ચણતર શિક્ષણ દ્વારા થતી નૈતિક તેમજ આચરણના મૂલ્યોની માવજત દ્વારા સંભવી શકે. શ્રમ દ્વારા કેળવણી અપાવી જોઈએ. વ્યક્તિ, પરિશ્રમી, સ્વાશ્રયી, મૂલ્યલક્ષી, જ્ઞાની, અનુભવી, રાષ્ટ્રપ્રેમી, ગ્રામ વિકાસ રક્ષક, ફરજનિષ્ઠ, હૃદયનિર્મળી બની રહે તેવી કેળવણી જ રાષ્ટ્ર ઉપયોગી છે. રાષ્ટ્રની ઉન્નતિનો આધાર નાગરિકોના ચારિત્ર્ય પર રહલો છે. તેથી શિક્ષણનું મહત્વનું કાર્ય ચારિત્ર્ય નિર્માણનું છે. એ વાત ઉપર સરદાર ખૂબ જ ભાર મૂકે છે.

❖ ❖ ❖



## ૩. દેશની એકતા અને અખંડિતતના સૂત્રધાર : સરદાર પટેલ

સાહસિક, નિર્ભયી, પ્રામાણિક, કર્મવીર, ધર્મવીર સરદાર પટેલ એટલે અખંડ ભારતના શિલ્પી, સૂત્રધાર અને સર્જક. ૧૫ મી ઓગસ્ટ ૧૯૪૭ ની સ્વતંત્રતાપ્રાપ્તિ પછી સમસ્યાઓનો રાફડો ફાટ્યો હતો. નિર્વાસિતો, કોમી એકતા, ગરીબી, ભૂખમરો અને અનાજની સમસ્યા.... જ્યાં નજર નાખો ત્યાં સમસ્યા... સમસ્યા અને સમસ્યા જ હતી ! તેમાંય ભારતની એકતા અને અખંડિતતાને ધૂળમાં મેળવી દે તેવી સમસ્યા દેશી રાજ્યોની હતી.

ભારતની ૪૨ કરોડની વસ્તી (૧૯૪૭ની વસ્તી)માંથી ફક્ત $\frac{૩}{૫}$ ભાગની વસ્તીને જ આઝાદી મળી હતી. બાકીની વસ્તી ૫૬૨ દેશી રાજ્યોના ૭,૨૦,૦૦૦ ચો.મી માં રાજાઓની ગુલામીમાં જીવી રહી હતી. આ વસ્તીને સ્વતંત્રતા અપાવવા તેમને રાજાઓની ચુંગાલમાંથી છોડાવવાની તાતી જરૂરીયાત હતી. હિંદ સ્વાતંત્ર્ય ધારા અનુસાર દેશીરાજ્યો સામે ત્રણ વિકલ્પો હતા. (૧) ભારત સામે જોડાણ (૨) પાકિસ્તાન સાથે જોડાણ અને (૩) સ્વતંત્ર રહેવું. આ જોગવાઈ અનુસાર દેશી રાજાઓમાંથી કેટલાંક સ્વતંત્ર રહેવા, કેટલાંક પ્રાદેશિક સમવાયતંત્રની રચના કરવા અને કેટલાંક ભૌગોલિક પરિસ્થિતિ ભારતને મળતી આવતી હોવા છતાં પાકિસ્તાન સાથે જોડાવાની હિલચાલ કરવા લાગ્યા. દેશીરાજાઓ સત્તાના સ્વાર્થમાં સમજદારી અને શાણપણ ગુમાવી બેસે તો સ્વતંત્રતાની મીઠાશ કડવાશમાં ફેલાય જાય તેવી જટિલ અને

ચિંતાજનક પરિસ્થિતિ હતી. ૩જી જૂન ૧૯૪૭ ના રોજ અંગ્રેજ સરકારે ભારતને ૧૫મી ઑગસ્ટે સ્વતંત્રતા આપવાની જાહેરાત કરી હતી. ખૂબ જ ટૂંકા ગાળામાં દેશના વિભાગો પાડવાના, તેની સરહદો નક્કી કરવાની અને ભારતસંઘની સરહદમાં આવતા દેશીરાજ્યોને ભારતમાં સામેલ કરવાના કાર્યો કરવાના હતા. આ પરિસ્થિતિમાં બે દેશોની સરહદો નક્કી થાય તે પહેલાં ભારતની સરહદમાં આવેલા રાજ્યોને અનેક પ્રકારની લાલચો આપી પાકિસ્તાને પોતાની સાથે જોડવાના પ્રયત્નો શરૂ કર્યા હતા. આવી અસાધારણ પરિસ્થિતિમાં વચગાળાની સરકારના નાયબ વડાપ્રધાન સરદાર પટેલ પાસે ગૃહખાતુ અને દેશી રાજ્યોના ખાતાની જવાબદારી હતી. ભારતની એકતા અને અખંડિતતાનું રક્ષણ કરવાની વિકટ જવાબદારીનું સુકાન સરદારે સંભાળવાનું હતું.

સરદારે કઠિન કાર્ય પાર પાડવા કાબેલ અને ચકોર એવા વી.પી.મેનનને દેશી રાજ્યોના વિભાગના સચિવ તરીકે નિમ્યા. ત્યારબાદ રાજાઓ અને દીવાનોની બેઠક બોલાવી. આ બેઠકમાં તેમણે દેશી રાજ્યોને ભારતસંઘ સાથે જોડાવા વિનંતી કરી. જે રાજા ભારતસંઘ સાથે જોડાશે તેને સાલિયાણાં અને કેટલાંક વિશિષ્ટ અધિકારો આપવાની જાહેરાત પણ કરી. આ ઉપરાંત તેમણે ભારત પર પરદેશીઓનું શાસન ભારતના રાજાઓના કુસંપને કારણે જ ચાલી શક્યું તેની સ્પષ્ટતા કરતાં કહ્યું કે, ‘જો આપણે સંપીને, જોડાઈને કાર્ય નહીં કરીએ તો આ જ ઈતિહાસનું પુનરાવર્તન કરવાની કાળી ટીલી ભારતના કપાળે લખાયેલી જ છે.’ આ ટીલીને ભૂંસવી હોય તો આપણે એકબીજા સાથે જોડાઈને, સંપીને કાર્ય કરવું પડશે. સરદારની સમજાવટ, ધીરજ, કુનેહ અને કુશાગ્રવૃત્તિના પ્રતાપે ૧૪૦



રાજ્યો ભારતસંઘમાં જોડાયા. સરદારની વિચક્ષણતાને પ્રતાપે ત્રાવણ કોરની પ્રજાએ તેના રાજાને ભારતસંઘ સાથે જોડાવાની ફરજ પાડી. ભોપાલ અને ઈન્દોરને પણ કુનેહથી સંઘ સાથે જોડી દીધા. સૌરાષ્ટ્રના ૧૪ મોટા રાજ્યો અને ૧૯૧ નાના રજવાડાને સમજાવી સૌરાષ્ટ્રના ભાવિવિકાસ અને એકતા માટે એકસંઘની રચના કરી, ભવિષ્યમાં ગુજરાત સાથે ભળી જાય તેવી યોજના ઘડી તેમને ભારત સાથે જોડ્યા હતા. તેનુ અનુસરણ મરાઠી રાજ્ય કોલ્હાપુરે કર્યું હતું. વડોદરા જેવા સમૃધ્ધ અને સ્વાવલંબી રાજ્યના રાજા સરપ્રતાપસિંહ રાવે પણ સરદાર પટેલની અડગતાને કારણે અનેક ધમપછાડા પછી રાજ્યની સંપૂર્ણ સત્તા પ્રજાને સોંપી હતી. ઈન્દોર અને ગ્વાલિયર રાજ્યોનો સંયુક્ત સંઘ બનાવી, રજપૂતાનાનાં સ્વતંત્ર રાજ્યોનો ‘રાજસ્થાન’ સંઘ બનાવી, હિમાલયની ડુંગરમાળાઓમાં આવેલા રાજ્યોનો ‘હિમાચલ પ્રદેશ’ સંઘ બનાવી ભારત સાથે જોડવામાં સરદારની સમજાવટ અને પ્રબળ નિશ્ચયતા એ જ ભાગ ભજવ્યો હતો.

જૂનાગઢના નવાબ પાકિસ્તાન સાથે જોડાવા ઈચ્છુક હતા જ્યારે પ્રજા ભારત સાથે. સરદારના માર્ગદર્શન મુજબ પ્રજાએ આરઝી હકૂમતની રચના કરી ક્રાંતિ કરતાં નવાબે જૂનાગઢ છોડી દેવું પડ્યું. જૂનાગઢ આરઝી હકૂમતે જીતી લઈ ભારતસંઘ સાથે જોડી દીધું.

કશ્મીરના મહારાજાની ઈચ્છા સ્વતંત્ર રહેવાની હતી. પાકિસ્તાનની ઈચ્છા કશ્મીરને પોતાની સાથે જોડાય તેવી હતી. પોતાની ઈચ્છા બર ન આવતાં મુસ્લિમ તાયફાવાળાને ઉશ્કેરી

આક્રમણ કરાવ્યું. કશ્મીર પર સંકટ આવતાં જ રાજા અને આગેવાનો સરદાર પાસે પહોંચ્યા. મદદ કરવા વિનંતી કરી. સરદારે શ્રીનગર જઈને નિરીક્ષણ કર્યું. તરત દિલ્હી પાછા ફરીને સભા બોલાવી આપત્તિનો અહેવાલ આપ્યો. અને કશ્મીરને મદદ કરવા મક્કમતાથી લશ્કર મોકલવાની રજૂઆત કરી. માઉન્ટ બેટને રાજા ભારત સાથેનું જોડાણ સ્વીકારે તો જ મદદ કરવા દલીલ કરી. રાજાએ તે માન્ય કરી જોડાણ ખતપત્ર ઉપર સહી કરી આપી. સરદારે તીવ્રગતિએ બાજી સંભાળી લઈ લશ્કર મોકલ્યું. લશ્કરે આક્રમણકારીઓને પાછા હઠાવ્યા. જવાહરલાલે સરદારની ના હોવા છતાં કશ્મીર પ્રશ્નને યુનોમાં મૂક્યો. તપાસપંચ નીમ્યું. યુધ્ધવિરામ જાહેર થયો પાકિસ્તાની દળો જયાં હતા ત્યાં રહી ગયા. એટલો વિસ્તાર પાકિસ્તાનના કબજામાં રહી ગયો. યુનો હજી પણ આ પ્રશ્ન ઉકેલી શક્યું નથી. જો સરદારની વાત નહેરુએ માની હોત તો આ પ્રશ્ન તે જ વખતે ઉકલી ગયો હોત ! કશ્મીરમાં શાંતિ સ્થપાતાં પ્રજાને જવાબદાર રાજયતંત્રની સ્થાપના કરવામાં આવી. જે આજપર્યંત ચાલુ છે.

હૈદ્રાબાદનો નિઝામ કાસીમ રઝવીની ઓથ લઈ સ્વતંત્ર રહેવા માગતો હતો. હૈદ્રાબાદ ભારતની મધ્યમાં હોવાથી તેનું જોડાણ અગત્યનું હતું. સમજાવટ છતાં નિઝામ એકના બે ના થયા. રઝાકાર નેતાઓએ આતંકવાદી પ્રવૃત્તિઓ શરૂ કરી. છેવટે વલ્લભભાઈએ મેજર જનરલ ચૌધરીના સેનાપતિપદે લશ્કર મોકલી બે દિવસમાં જ હૈદ્રાબાદ જીતી લીધું. રઝાકાર નેતાઓને જેલમાં પૂરી દીધા. નિઝામે જોડાણખતપત્રમાં સહી કરી હૈદ્રાબાદને ભારતસંઘ સાથે જોડી દીધું.



૫૬૨ દેશી રાજયોના રાજાઓ કાવાદાવા, કુકકપટ, આંટાકાંટા, ગલીચ ફાઉલ રમત રમનારા અને અંગ્રેજોના લશ્કરી બળથી શક્તિશાળી હોવા છતાં પણ સરદારે જે અનુપમ સિધ્ધિ પ્રાપ્ત કરી તે તેમની સ્થિર બુધ્ધિને આભારી છે ! કાકાસાહેબ કાલેલકરે કહ્યું છે કે, ‘‘આપણા દેશી રાજાઓનો સવાલ બહુ આંટીઘૂંટીવાળો હતો. ભારતનું સ્વરાજ્ય માન્ય કરતી વખતે અંગ્રેજોએ આ રાજાઓને સંપૂર્ણ સ્વતંત્ર બનાવી આ સવાલને વધારે ગૂંચવ્યો હતો. આ પરિસ્થિતિમાં ભાગલા પડેલા દેશની એકતા કાયમ રાખવી અને મજબૂત કરવી એ કઠણ કામ હતું એ પ્રશ્નનો ઉકેલ લાવી શકે એવા એક સરદાર વલ્લભભાઈ જ હતા... ’’ આ જ વાતને રશિયાના મહાનનેતા ખુર્શ્ચોવે પણ અનુમોદન આપતાં કહ્યું છે કે, ‘‘રાજાઓનો અંત લાવ્યા વિના દેશી રાજયોનો અંત લાવવાની જે અદ્ભુત સૂઝ સરદારે બતાવી તે બીજા કોઈ પુરુષ કરી શક્યો ન હોત.’’

સરદાર પટેલે સત્તાનો સોટો ચલાવ્યા વિના, પ્રેમની ગંગા વહેવડાવી, રાજાઓને સાચો ધર્મ સમજાવી, પ્રેમથી અને ઉદારતાથી રાજાઓને સંતોષ આપીને, ખૂબજ સ્વસ્થતાથી, ધીરજથી, કુનેહથી, તનતોડ પરિશ્રમ ઉઠાવી, અતિવિકટ એવા સવાલનો સંતોષકારક નિવેડો લાવવાની જે અદ્ભુત સૂઝ બતાવી તે ખરેખર પ્રશંશનીય છે. તે તેમની અભૂતપૂર્વ અનુપમ સિધ્ધિ હતી. સાચે જ સરદાર દેશની એકતા અને અખંડિતતાના સૂત્રધાર હતા.

❖ ❖ ❖

## ૪. કર્મવીર : વલ્લભભાઈ પટેલ

મહાન પુરુષોની મહાનતા પાછળ તેમના ગુણો રહેલાં હોય છે. મહાન બનવું સહેલું નથી. તેના માટે કપરી તપશ્ચર્યા કરવી પડે છે. ઘરેણું બનતાં પહેલાં ધાતુને શેકાવું, ટીપાવું પડે છે. તેમ મહાન બનતાં પણ અનેક તાવણીઓમાંથી પસાર થવું પડે છે. અનેક વિટંબણાઓમાંથી રસ્તો કરીને પોતાના કર્મના બળે સતત પરિશ્રમના બળે આગળ આવેલા વલ્લભભાઈ સાચે જ કર્મવીર હતા.

વલ્લભભાઈ નાનપણથી જ મહેનતું. પિતાનો વ્યવસાય ખેતી. કુટુંબપણ મોટું, પાંચભાઈઓ અને માતાપિતા એટલે નાનપણથી જ ગરીબીનો સામનો કરેલો. પોતાના ગામમાં શાળા નહીં એટલે રખડી-રખડીને ભણવું પડેલું. કરમસદથી અગિયાર કિલોમીટર દૂર આવેલા પેટલાદની શાળામાં પાંચમા ધોરણ સુધી ભણ્યા. મેટ્રિક સુધીનું શિક્ષણ નડીયાદની માધ્યમિક શાળામાં લીધું. આજની જેમ વાહનવ્યવહારની સુવિધા હતી નહીં તેથી ચાલીને શાળાએ જતાં. શિક્ષણની સાથે પિતાને ખેતીકામમાં પણ મદદ કરતા હતા. એમની ઈચ્છા વકીલ થવાની પણ પૈસા ક્યાંથી લાવવા ? બાપ સામાન્ય ખેડૂત. પૈસાની સુવિધા થાય તેમ નહોતી પણ વલ્લભભાઈ પાસે હામ હતી. પરિશ્રમ કરવાની તમન્ના હતી. નિશ્ચયબળ હતું. તેથી વકીલો પાસેથી પુસ્તકો મેળવ્યા અને ડિસ્ટ્રીક્ટ પ્લીડરની પરીક્ષા પાસ કરી. વકીલ બન્યા. ગોધરામાં વકીલાત શરૂ કરી. થોડા વખત પછી બોરસદમાં વકીલાત શરૂ કરી અને એક સારા વકીલ તરીકે પ્રખ્યાત થયા. આમ તેમણે



પ્રતીતિ કરાવી કે જન્મ જયાં થવાનો હોય ત્યાં થાય પણ પુરુષાર્થ કરી પોતાની ઈચ્છા મુજબ જીવનનું ઘડતર કરવું તે વ્યક્તિના પોતાના હાથમાં છે.

૧૮ વર્ષની ઉંમરે ઝવેરબા સાથે લગ્ન થયેલા. ૧૯૦૪માં મણિબહેનનો અને ૧૯૦૫ માં ડાહ્યાભાઈનો જન્મ થયો હતો. ૧૯૦૮ માં ઝવેરબેનને આંતરડાનો રોગ થયો. આ માટે ઓપરેશન કરવાની જરૂર હતી. ઓપરેશન કરાવ્યા બાદ થોડા જ કલાકોમાં ઝવેરબાની તબિયત વધારે બગડી અને તેમનું મૃત્યું થયું. આ સમયે વલ્લભભાઈ બોરસદની કોર્ટમાં એક ખૂન કેસમાં રોકાયેલા. ખૂનકેસમાં કોર્ટ સમક્ષ બચાવપક્ષે તેઓ દલીલો કરી રહ્યા હતા. તે જ સમયે પત્નીના મૃત્યુનો તાર મળ્યો. તાર વાંચીને ખિસ્સામાં મૂકી દીધો. સંપૂર્ણ સ્વસ્થતા સાથે એમણે દલીલો ચાલુ રાખી. કેસ પૂર્ણ થયા બાદ તેઓએ તારની વિગત મિત્રોને જણાવી. તરત જ વતનમાં જવા ઉપડ્યા. કેવી કર્મનિષ્ઠા ! કેટલાંકને થશે વ્રજનું હૃદય ? પણ ના તેવું નહોતું. ઝવરબા પ્રત્યે તેમને પ્રેમ હતો. પણ કર્મ ચાલુ હતું ત્યારે આઘાત લાગે તેવા સમાચારો મળે તો પણ તેની પરવા ન કરતાં કર્મ પ્રત્યે નિષ્ઠા રાખવી જોઈએ. કારણ જે થયું છે તેમાં કંઈ જ કરી શકાય તેમ નથી. અને જે કંઈ કરી શકાય તેવું છે તે કાર્ય છોડી દેવું તે યોગ્ય નથી.

વલ્લભભાઈની ઈચ્છા બેરિસ્ટર બનવાની. આ માટે ઈંગ્લેન્ડ જઈને અભ્યાસ કરવો પડે. આથી તેમણે પૈસા બચાવ્યા. ઈંગ્લેન્ડ જવા ટ્રાવેલ એજન્સીનો સંપર્ક કર્યો. પણ મોટાભાઈ વિઠ્ઠલભાઈએ પોતાને પ્રથમ ઈંગ્લેન્ડ જવા દેવા કહ્યું. વલ્લભભાઈએ પોતાની

ટિકિટ પર વિઠ્ઠલભાઈને જવા દીધા. અને તેમના કુટુંબની જવાબદારી પણ સ્વીકારી. ઈ.સ. ૧૯૧૦ માં પુનઃ વિલાયત જવાની તક ઊભી કરી; વિલાયત ગયા. બેરિસ્ટરનો અભ્યાસ શરૂ કર્યો. કેવી રીતે તે જાણવા જેવું છે ! પૈસાની તંગી હતી. પુસ્તકો, પુસ્તકાલયના વાંચવા-વાપરવા; દરરોજ ૧૪ માઈલ ચાલીને પુસ્તકાલય પહોંચતા અને ત્યાં ધ્યાનથી અભ્યાસ કરતા. ખૂબ ઓછા સમયમાં અભ્યાસ પૂરો થાય તેવો પ્રયાસ કર્યો. આ માટે વધારેમાં વધારે મહેનત કરી, અન્ય કોઈ બાબતમાં રસ લીધા વિના ફક્ત અભ્યાસમાં જ ધ્યાન પરોવી ફક્ત ત્રણ વર્ષમાં બેરિસ્ટરનો અભ્યાસ વિશેષ યોગ્યતા સાથે પૂર્ણ કર્યો. તેઓને ૫૦ પાઉન્ડનું ઈનામ મળ્યું. ૧૯૧૩માં ભારત આવ્યા. વકીલાત શરૂ કરી. ફોજદારી ક્ષેત્રમાં ધ્યાન પરોવ્યું. નિપુણતા મેળવી થોડા જ સમયમાં વકીલ તરીકે પ્રખ્યાત થયા. આ હતી કર્મની ગતિ. કર્મ પ્રત્યેની જાગૃતિ.

૧૯૧૫ માં મોહનદાસ ગાંધી ભારતમાં આવ્યા. દ.આફ્રિકામાં સત્યાગ્રહ લડતો ચલાવીને આવેલા. કાળા લોકોની સમસ્યાઓનો સામનો કરેલો. ભારતમાં પણ અંગ્રેજ શાસનની છળકપટવૃત્તિ અને શોષણ તેમના ધ્યાનમાં હતા. ભારતમાં પણ તેઓએ અંગ્રેજ શાસન વિરૂધ્ધ લડત કરવા તૈયારી કરી રહ્યા હતા. અમદાવાદમાં આશ્રમ શરૂ કરી પ્રવૃત્તિઓ શરૂ કરેલી. તેમના કાર્યોથી ઘણા પ્રભાવિત થયેલા. વલ્લભભાઈને કાને પણ વાતો આવતી. મોહનદાસની કાર્યરીતિઓથી તેમને આશ્ચર્ય થતું પણ તે જાણવાની જિજ્ઞાસા પણ રહેતી. ધીમે ધીમે તેઓ પણ તેમનાથી પ્રભાવિત થયા. ૧૯૧૭ માં બન્નેનો ભેટો થયો. આ જ અરસામાં અમદાવાદ મ્યુનિસિપાલિટીના સભ્ય બન્યા. મ્યુનિસિપલિટી ઉપર કમિશ્નરે લાદેલા બે તુમાખી બ્રિટીશ



અમલદારો અને એક બ્રિટિશ ઈનજેરનો માનભંગ કરી, ત્રણેયને નોકરી છોડી જવાની ફરજ પાડી. ૧૯૧૮માં ખેડા સત્યાગ્રહનું સફળ સંચાલન કર્યું. ૧૯૨૦ ની અસહકારની ચળવળમાં સક્રિય કાર્યભૂમિકા ભજવી. ૧૯૨૩ના નાગપુર ઝંડા સત્યાગ્રહની જવાબદારી લઈ શાનદાર સત્યાગ્રહ ચલાવ્યો. ૧૯૨૪માં પુનઃ મ્યુનિસિપાલિટીમાં જોડાયા ને પ્રમુખ બન્યા. ચાર વર્ષના કાર્યકાળ દરમ્યાનનાં સચ્ચાઈ અને કાર્યદક્ષતા એ તેમના ટીકાકારોને પણ પ્રભાવિત કર્યા હતા. ૧૯૨૭માં અસાધારણ રેલ આવી ત્યારે પ્રલયની પ્રથમ રાતથી તેઓ રાહતકાર્યમાં લાગી ગયા. થાક્યા વિના એ કામમાં ડૂબેલા રહ્યા. ગુજરાત પ્રાંતિક સમિતિના પ્રમુખ તરીકે ગામે ગામ કોંગ્રેસના સિપાઈઓ દ્વારા લોકોને ખોરાક-કપડાં પહોંચાડ્યા. લાકડાં પહોંચાડી ઝૂંપડા તૈયાર કરાવ્યા. લોકોને બચાવ્યા. અરે ! ખેડાના કલેકટરને પણ બચાવ્યા. કલેકટર ચારે બાજુથી પાણીમાં ઘેરાયેલા. ખોરાક ન મળે. વલ્લભાઈએ તેમને ખોરાક પહોંચાડ્યો. કલેકટરનો ધર્મ લોકોને ખોરાક પહોંચાડવાનો હતો ત્યારે વલ્લભભાઈએ તેમને ખોરાક પહોંચાડ્યો. દિલ્હીમાં વૉઈસરોય લોર્ડ ઈર્વિનને ભયંકર રેલ સંકટની વાત પહોંચાડી. ન છૂટકે તે નડીયાદ આવ્યા, બધે ફર્યા, નિરીક્ષણ કર્યું અને વલ્લભભાઈની જાહેર પ્રશંસા કરી. વલ્લભભાઈ અને સરકાર બન્ને મળી રાહતકાર્ય કરે તે માટે એક કરોડની યોજના બનાવી.

૧૯૨૮ માં બારડોલી સત્યાગ્રહનું નેતૃત્વ સંભાળ્યું. આ સત્યાગ્રહે વલ્લભભાઈના વ્યક્તિત્વની મૂળભૂત લાક્ષણિકતાઓને ઉપસાવી આપી. અજેય સંકલ્પ બળ, દઢતા, લડતનો વ્યૂહ, તન્મયતા, લાગણીવેડાનો સદંતર અભાવ, સહકાર્યકર્તાઓ તેમજ

પોતાની જાત માટે લોખંડી શિસ્તનો આગ્રહ અને લગભગ ત્યાગવૃત્તિમાં ખપે એવી નિઃસ્વાર્થતા. બારડોલી સત્યાગ્રહ ખરેખર વલ્લભભાઈની વ્યક્તિગત જીત સમાન હતો. તેઓની કુશળતા પરિણામે સરકારે મહેસૂલ માફ કરવું પડેલું. લડતની જીતની કદરરૂપે એમને 'સરદાર' નું બિરૂદ મળેલું અને તે બિરૂદના નામે જ ભારતની પ્રજા એમને ઓળખે છે.

હિન્દુસ્તાનની સ્વાધીનતાના સર્જકોમાં વલ્લભભાઈ મોખરે હતા. ગાંધીવિચારને તેમણે અનેકવાર સિધ્ધ કરી બતાવ્યો. લોકશક્તિનો પરિચય પણ જગતને કરાવ્યો. જનમત કેળવવામાં જ દેશની આઝાદી છે તે વાતનો પરચો તેમણે દુનિયા સમક્ષ કરી બતાવ્યો. આઝાદ ભારતને અખંડ ભારત બનાવવામાં પણ તેમની સિધ્ધિ નાનીસૂની નથી. ૫૬૨ દેશી રાજ્યોને હિંમતથી, છાતી કાઢીને, લોકોના દિલને ટકોરીને રાજાઓને સાચી વાત સમજાવીને, પ્રેમ અને ઉદારતાથી, રાજાઓને સંતોષ થાય તેવી રીતે, સ્વસ્થતાથી, શરીરની બિમાર હાલતમાં પણ તનતોડ પરિશ્રમ ઉઠાવીને, અતિવિકટ એવા સવાલનો સંતોષકારક નિવેડો લાવવાની જે કુનેહ તેમણે બતાવી તે પ્રસંશનીય અને અભૂતપૂર્વ અનુપમ સિધ્ધિ હતી.

જયપુરમાં એકવાર પ્લેન બગડ્યું ત્યારે સરદાર નદીના ભાઠામાં પ્લેનમાં બત્તી નીચે ફાઈલો વાંચતા જોવામાં આવ્યા હતા. શું કહીશું ? સ્વસ્થ, સ્થિરબુધ્ધિ કે સ્થિતપજ્ઞતા ? તેમનું કૃતનિશ્ચયીપણું પણ અનોખું હતું. એકવાર નિશ્ચય કર્યા પછી કદી પીછેહઠ કરી હોય તેવું જાણવામાં નથી. બારડોલીની જમીન તમને કદી પાછી નહિ



મળે એમ સર રોજર લગલીએ ૨૦-૩-૧૯૩૭ માં કહ્યું.સાથે સરદારને મુંબઈ ઈલાકાના મુખ્યપ્રધાન પદે બેસાડવાની વાત કરી. સરદારે પ્રધાનપદાની ચોખ્ખી ના પાડી અને જમીનો તો પાછી લઈશું જ એમ નોંધ કરાવી જમીન પાછી લીધી જ. કેવી નિશ્ચયતા અને કેવો ત્યાગ ! તેમણે સત્કર્મ સાથે કદી સ્વાર્થને ભળવા જ દીધો નહોતો. આ બાબત જ તેમની કર્તવ્યપરાયણાને ચાર ચાંદ લગાવી દે છે. આખી જિંદગી ચીવટાઈથી રેંટિયો કાંતીને વસ્ત્રો પહેર્યા, ખેતીને ઉધ્ધારી, જેલમાં નકામા કાગળોમાંથી એકધારા, એકસરખા પરબીડિયાં બનાવ્યાં, એ પરબીડિયાં બનાવવાની ક્રિયા ઉપર ગાંધીજીના પ્રમાણપત્રો વાંચીએ તો સરદારની ઉત્તર પ્રકારની કાર્યવૃત્તિની પ્રતીતિ થયા વિના રહે જ નહીં.

ગાંધી વિચારને, ગાંધીના અગિયાર વ્રતો - સત્ય, અહિંસા, ચોરી ન કરવી, અસ્તેય, બ્રહ્મચર્ય, જાતમહેનત, અસ્પૃશ્યતા વિરોધ, અભય, સ્વદેશી, સ્વાદત્યાગ અને સર્વ ધર્મ સમાનને નમ્રપણે આચરણ કરી સર્વેને આ વિચારોનું આચરણ થઈ શકે છે. તે પોતાના દૃષ્ટાંતથી સિધ્ધ કરી આપ્યું. ૩૪ વર્ષની ઉંમરે વિધુર થયાં છતાં પુનઃલગ્ન ન કર્યા અને બ્રહ્મચર્યનું પાલન કર્યું. બારડોલીમાં ખેતી કરી નવી કેળની જાતો વિકસાવી. આદિવાસીઓના વિકાસ કાર્યો, ખાદી વિકાસનું કાર્ય, દારૂબંધીનું કાર્ય વગેરે રચનાત્મક કાર્યો કર્યાં. સૌથી મહત્ત્વનું કાર્ય અહિંસક માર્ગે સ્વરાજય પ્રાપ્તિનું થઈ શકે તે સિધ્ધ કરવાની પહેલ તેમણે કરી હતી. અને તેથી પણ મહત્ત્વનું કાર્ય અખંડ ભારતના નિર્માણનું તેમણે કર્યું. રાષ્ટ્રની સેવાને જ

પોતાનું કાર્ય ગણી; સત્તા, સ્વાર્થ, મારું-તારું, સગાવાદના પડછાયામાં આવ્યા વિના બિલકુલ સ્વાપર્ણ અને સમર્પણથી રાષ્ટ્ર ઘડતરના કાર્યોને જ પોતાના જીવનમાં મહત્ત્વ આપી સતત કાર્યશીલતા દાખવી તેજ તેમની કર્મપરાયણતા, કર્મશીલતા, કર્માભિમુખતાના દર્શન કરાવે છે.

❖ ❖ ❖



## ૫. ગુર્જર ભારતીય લાલ (ગીત)

ગામ કરમસદનો માનવી,વલ્લભ એનું નામ;
લાડ-ઝવેરના દીકરે, ઉજળાં કીધાં કામ.

સ્વાતંત્ર્યની હાક સુણી, મોહન સંગ જોડાય;
ગાંધી વિચારને આચરી, મોહ ન લાવ્યો મનમાંય.

અન્યાય થયો ખેડૂતોને, બારડોલીની માંહ્ય,
સત્યાગ્રહથી સરકાર પાસે, મહેસુલ માફ કરાય.

બારડોલીની સફળતા એ, મળ્યું ‘સરદાર’ નામ;
ત્યાગ-પૌરુષ-સેવા થકી, સાર્થક સરદાર થાય.

સત્ય લાગ્યું તેને જે, કહ્યું નીડર થઈ;
ગાંધી ચીંધ્યા કામ કરી, ચીંધ્યો સાચો રાહ.

ઝિન્દાદીલ લડવૈયો બની, ખેલ્યો સ્વાતંત્ર્ય જંગ;
જંગ માંડે શૂરવીર થઈ, ચૂરા શત્રુના થાય.

સત્ય અહિંસા શસ્ત્ર સાથે, ખેલ્યો સ્વાતંત્ર્ય જંગ;
સિંહ સમો સર્વત્રે ગાજી, સર્જ્યો આઝાદ દેશ.

સ્વાતંત્ર્ય આવ્યું દેશમાં, રાજા આડા થાય;
સ્નેહ-સમજાવટને રાજહિતથી, અખંડ ભારત રચાય

કર્મ-ધર્મને રાષ્ટ્રપ્રેમથી, સેવા કીધી અપાર;
નમન હો કોટિ તને, હે ગુર્જર ભારતીય લાલ.

❖ ❖ ❖